**સુવિચાર**

તમારા હાથ અને આંખોને વિસામો આપો તે કરતાં પણ વધારે વિસામો તમારી જીભને આપો.

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૩૦/૧૨/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.




તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ માગસર વદ-૪ વર્ષ : ૧૫ અંક : ૦૧૭

## ભાજપ પ્રદેશ કાર્યાલય ખાતે દિગ્ગજ નેતાઓની બેઠકમાં નિર્ણય

# આગામી ૧૫ થી ૩૦ જાન્યુઆરી સુધીમાં લોકસભા ચૂંટણીનાં કાર્યાલય શરૂ

**ટૂંક સમયમાં લોકસભા વિસ્તારોની ચૂંટણીની સંચાલન સમિતિની જાહેરાત કરવામાં આવશે**

**ફેબ્રુઆરી મહિનામાં વિધાનસભા વિસ્તારમાં પણ કાર્યાલયો શરૂ કરવામાં આવશે**

**લોકસભાની ચૂંટણીને લઈને ભાજપ દ્વારા તડામાર તૈયારી શરૂ કરવામાં આવી**

**પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલ, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાષ્ટ્રીય મહામંત્રીઓ ઉપસ્થિત રહ્યાં**




ગાંધીનગર, તા. ૨૯

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજરોજ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે પ્રદેશની મત્વપુર્ણ બેઠક પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજીની અધ્યક્ષતામાં યોજાઇ હતી. આ બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રી અરૂણસિંહજી, પ્રદેશના સંગઠન મહામંત્રી રત્નાકરજી, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સહિત પ્રદેશના પદાધિકારીઓ, જિલ્લાના પ્રમુખો, જિલ્લાના પ્રભારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠક અંગે પ્રદેશ પ્રવકતા યમલભાઈ વ્યાસએ પત્રકાર પરિષદ સંબોધી હતી.

યમલભાઈ વ્યાસે જણાવ્યું

**અનુસંધાન પાના ૬ ઉપર**


## શહેરમાં કાયદો અને વ્યવસ્થા મજબુત બનાવવાની જરૂર

# ચલાલામાં કોઈ અજાણ્યા શખ્સે લકઝરી ખાનગી બસનો કાચ ફોડી ૧૨ હજારનું કર્યુ નુકસાન

**સ્થાનિક પોલીસે બસનાં માલીકની જાણવા જોગ ફરિયાદ નોંધી**

ચલાલા, તા. ૨૯

ચલાલામાં અમરેલી રોડ ઉપર પેટ્રોલપંપની બાજુમાં જીજે ૧૪ ટી-૦૬૯૩ નંબરની સાગર ટ્રાવેલસની બસ ગઈ કાલે રાખવામાં આવેલ હતી. આજે સવારે ૮:૩૦ કલાકે ગાડીનાં માલીક રવિદાસભાઈ હરીયાણી



પોતાની ટ્રાવેલ્સ ગાડી લેવા ગયા ત્યારે જોયુ તો કોઈ શખ્સે આગળનો કાચ પથ્થર મારી ફોડી નાખેલ હોય અને રૂા. ૧૨ બાર હજારનું નુકસાન પહોંચેલ હોય તેથી ગાડીનાં માલીકએ ચલાલા પોલીસ સ્ટેશનને જાણવા જોગ લેખીત રજૂઆત કરતા ચલાલાનાં પીએસઆઈ ગોહિલ શાંતિપૂર્વક રજૂઆત સાંભળી યોગ્ય રીતે આગળની કાર્યવાહી કરવાની

**અનુસંધાન પાના ૬ ઉપર**

## ગરીબોનાં હક્ક-હિસ્સાનું અનાજ ભ્રષ્ટાચારનું સાધન બન્યું

# દામનગરનાં ટ્રક ચાલકને મામલતદારે રૂપિયા ૫.૮૮ લાખનાં રેશનિંગનાં શંકાસ્પદ જથ્થા સાથે ઝડપી લીધા

**ચાલક આબીદ ઉસ્માન સૈયદની પુછપરછ શરૂ કરવામાં આવી**

અમરેલી, તા. ૨૯


સરકારની રેશનિંગની



વસ્તુઓ ગરીબ લોકો માટે આશીર્વાદરૂપ બનવાના બદલે એક ભ્રષ્ટાચાર કરવા માટેનું સાધન બની ગયેલ હોય તેમ વધુ એક ઘટના સામે આવેલ છે. જેમાં ગઈ કાલે મોડી સાંજના લાઠીના મામલતદાર દ્વારા રેશનિંગના ઘઉં, ચોખાનો શંકાશપદ જથ્થા સાથે દામનગરના એક ટ્રક ચાલકને રૂપિયા ૫.૮૮ લાખના મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ હતો.

આ બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ સરકાર દ્વારા જરૂરીયાતમંદ ગરીબ પરિવારોને આપવામાં આવતો રેશનિંગનો જથ્થો કાળા બજારમાં ઠલવાતો હોવાના રેકેટનો પર્દાફાશ થયેલ હતો. જેમાં લાઠીના ઈન્ચાર્જ મામલતદાર વિજય ડેરને મળેલ બાતમીના આધારે ગઈ કાલે સાંજના સમયે બાબરાના એક છકડો રીક્ષા ચાલક અલ્તાફ દિલાવરભાઈ ગોરીને રેશનિંગના જથ્થા સાથે ઝડપી લીધા બાદ ગત રાતના બાતમીના આધારે દામનગર નજીક આવેલ ભુરખિયા રોડ ઉપર સીતારામ નગરમાં એક ભાડાના મકાનમાંથી શંકાસ્પદ રેશનિંગનો જથ્થો ઘઉં કટા નંગ ૩૧ વજન ૧૫૫૦ કિલો કિંમત રૂપિયા ૪૧૮૫૦ જયારે ચોખા કટ્ટા નંગ ૧૦૦ વજન ૫૦૦૦ કિલો કિંમત રૂપિયા ૧.૪૦ લાખ, વજન કાંટો, આઈસર ગાડી નંબર જી.જે. ૧૪ એકસ ૮૫૬૧ કિમત રૂપિયા ૪ લાખ સહિત કુલ રકમ રૂપિયા ૫,૮૮,૨૫૦ના મુદામાલ સાથે આબીદ ઉસ્માનભાઈ સૈયદ રહે. દામનગર વાળાને ઝડપી લેવામાં આવેલ છે.















સચોટ - સટીક - સાતત્યસભર દૈનિક
આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૪
અમરેલી એકસપ્રેસ
આપના માટે લાવી રહ્યું છે લવાજમ યોજના
લવાજમ ભરો માત્ર ₹ ૮૯૯/-
લવાજમની મુદત
તા.૦૧-૦૧-૨૦૨૪ થી તા.૩૧-૧૨-૨૦૨૪
અને મેળવો આખું વર્ષ અમરેલી એકસપ્રેસ...
એજન્ટ/પત્રકારની નિમણુંક કરાશે
જિલ્લાના રાજુલા, ચિતલ, લાઠી, દામનગર, લીલીયા, વીજપડી, ટીંબી, જાફરાબાદ, ડુંગર સહિતનાં ગામોમાં વધુ એક એજન્ટ અને પત્રકાર ની નિમણુંક કરવાની હોય રસ ધરાવતી અને અનુભવી વ્યકિતઓએ સંપર્ક કરવો.
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

### પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા

# અમરેલીનાં પોલીસ હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા ૮ પોલીસકર્મી સસ્પેન્ડ

### ટ્રેનિંગને બદલે રજા પર જતા રહેતા કાર્યવાહી

અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લામાં પોલીસ હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા ૮ જેટલા પોલીસ કર્મીઓને જિલ્લા પોલીસ વડા ધ્વારા સસ્પેન્ડ કરી દેવાતા પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં સુત્રોમાંથી જાણવા મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં પોલીસ હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા ૮ જેટલા પોલીસ કર્મીઓને પોલીસ પરેડ તથા અધિકારીઓ ધ્વારા ફાળવવામાં આવેલ ટ્રેનિંગમાં જવાના બદલે આ કર્મીઓ વિવિધ બહાનાતળે રજા ઉપર જતાં રહી ફરજમાં બેદરકારી દાખવેલ હોય. જે અંગે જિલ્લા પોલીસ વડા ધ્વારા તપાસ હાથ ધરાઈ હતી. આ બનાવ બાદ જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ ધ્વારા અમરેલી પોલીસ હેડ કવાર્ટરમાં ફરજમાં બેદરકારી બદલ અમરેલી એસપીએ સસ્પેન્ડ કરતાં પોલીસ બેડામાં ચકચા મચી જવા પામી છે.

આ અંગે અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહનો ટેલિફોનીક સંપર્ક કરવામાં આવતા તેઓએ અમરેલી જિલ્લામાં પોલીસમાં ફરજ બજાવતા ૮ જેટલા પોલીસ કર્મીઓને સસ્પેન્ડ કરી વાતની પુષ્ટી કરી હતી.

### પીજીવીસીએલ કચેરી બહાર ગંદકીનાં ગંજ

# દામનગર ખાતે સ્વચ્છતા અભિયાનને લઈને કોઈપણ કાર્યવાહી કરાતી નથી

### પાલિકાનાં ચીફ ઓફિસર સ્થળ તપાસ કરાવે તેવી માંગ




દામનગર, તા. ૨૯

સ્વસ્છ સર્વેક્ષણ, જેવા સૂત્રોના લખાણ માટે લાખો રૂપિયા ખર્ચાય છે,ને સરકાર મોટી પીપુડી વગાડે છે, દરેક શહેરોને સ્વચ્છ અને સુંદર અને સુઘડ રાખવા માટેનો અમલ થાય છે,પરંતુ સવાલ એ થાય છે કે સરકારી કચેરી નજીક કચરાના નિકાલની વ્યવસ્થા થતી ન હોય રોગચાળો ફેલાય ત્યારે તંત્ર દોડે... દામનગર શહેરમાં ભુરખિયા રોડ ચોકડીથી નજીક કે જયાં રહેણાંકી વિસ્તારો આવેલા છે ત્યાં રોડને હાઈવે રોડને અડીને આવેલ પી.જી. વી. સી. એલ. કચેરીની બહાર કચરા પેટીની આસ–પાસ ફેંકાતા કચરાનો નિકાલ થતો નથી, એટલે શું આ વિસ્તાર નગરપાલિકા વિસ્તારમાં નથી આવતો..!? શું આ વિસ્તારમાં સફાઈ કામગીરી થાય છે તો,આ કચરો કોઈની નજરમાં નથી આવતો..? ચીફ ઓફિસર ઓફિસની બહાર નીકળી આ વિસ્તારની મુલાકાત લે તો ખ્યાલ આવશે.

### અસીલમંચ સંગઠન દ્વારા કલેકટરને રજુઆત

# અમરેલી જિલ્લાનાં તમામ તાલુકાદીઠ એક સુપ્રિન્ટેન્ડેન્ટ અને સર્વેયર મુકવા માંગ

### અરજદારોનાં હિતમાં નિર્ણય કરવા માંગ કરી



અમરેલી, તા. ૨૯

અમરેલી જિલ્લાનાં દરેક તાલુકા લેવલે તાલુકા સુપ્રિન્ટેન્ડેન્ટ અધિકારી તમેજ મેન્ટેનન્સ સર્વેયરની કાયમી નિમણુંક કરવા માટે અસીલમંચ સંગઠન દ્વારા જિલ્લા કલેકટરને તા.૨૬/૧૨/૨૦૨૩ ના રોજ આવેદન પત્ર આપવામાં જે કાર્યક્રમમાં તમામ તાલુકાનાં અરજદારો હાજર રહી આવેદનપત્ર આપી જિલ્લા કલેકટરને જણાવેલ કે અમરેલી જિલ્લાનાં અમુક તાલુકામાં એક મેન્ટેનન્સ સર્વેયર હોય જેઓ પાસે બે થી ત્રણ તાલુકાનાં ચાર્જ હોય જેથી સીટી સર્વેની ઓફિસમાં પુરતા પ્રમાણમાં સ્ટાફ ન હોવાનાં કારણે અરજદારોનાં સી.ટી.એસ. વારસાઈ, દસ્તાવેજ, વહેચણી કરાર, ફારગતિ વિગેરેની નોધનો સમય મર્યાદામાં નિકાલ થતો ન હોય તેમજ અમરેલી જિલ્લા સુપ્રિન્ટેન્ડેન્ટ અધિકારી જિલ્લા લેવલે ફરજ બજાવતા હોય જેઓની પાસે સી.ટી.એસ.નાં અપીલ, રીમાન્ડ થયેલ કેસોની કામગીરી વધુ પડતી હોવાથી અમરેલી જિલ્લાના તમામ તાલુકાના અપીલ તથા રીમાન્ડ થયેલ કેસોમાં ઝડપી કામગીરી થતી ન હોય જેનાં કારણે સી.ટી.એસ.નાં કેસો વર્ષો સુધી પેન્ડીંગ રહે છે. જેથી અરજદારોને સીટી એસ. કચેરી તાલુકા લેવલે તેમજ અમરેલી મુકામે વારંવાર ધક્કા ખાવા પડતા હોય તેમ છતાં સમયસર લોકોનાં કામકાજો પુરા થતા ન હોય આવા સંજોગોને લઈને અરજદારોને આર્થીક, માનસીક, રીતે નુકશાની વેઠવી પડતી હોય જેથી અસલમંચનાં સંગઠન દ્વારા ઉપરોકત સામુહીક પ્રશ્નને ધ્યાને લઈ અમરેલી જિલ્લાનાં તમામ તાલુકામાં તાલુકા દીઠ–૧, સુપ્રિન્ટેન્ડેન્ટ અધિકારીની તથા મેન્ટેનન્સ સર્વૈયર કાયમી ધોરણે નિમણુંક કરવામાં આવે જેથી લોકોના કામોનું ઝડપી નિરાકરણ થાય જે અંગે અસીલમંચના સંગઠન દ્વારા આવેદનપત્ર આપવામાં જે અસીલમંચનાં પ્રમુખ ગોપાલભાઈ કોરાટ દ્વારા જણાવવામાં આવેલ છે.

# રાજુલામાં જુગાર રમતી ૩ મહિલાઓ ઝડપાઈ

અમરેલી, તા. ૨૯

રાજુલા ગામે રહેતા મેહરૂનબેન હનીફભાઈ શેખ, સવિતાબેન ભરતભાઈ માળી તથા તેજલબેન ભરતભાઈ રાઘવભાઈ માળી નામની ત્રણેય મહિલાએ રાજુલા, તવકકલ નગરમાં રહેતા સાલેભાઈ ઉંમરભાઈ જોખીયાના રહેણાંક મકાન પાસે જાહેર બજારમાં ગંજીપતાના પાના વડે તીનપતીનો પૈસાની હારજીતનો જુગાર રમતાં રોકડ રકમ રૂપિયા ૧૨,૩૦૦નાં મુદામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપાઈ જતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

# લાઠીનાં પીપળવા ગામે જુગાર રમતાં ૪ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨૯

લાઠી તાલુકાના દેરડી (જાનબાઈ) ગામે રહેતા કિશોરભાઈ ભવાનભાઈ સાબળીયા, પ્રવિણભાઈ પરશોતમભાઈ ગોહિલ, સંજયભાઈ પરશોતમભાઈ જાદવ, અરવિંદભાઈ વાઘજીભાઈ ગોહિલ સહિત ચારેલ આરોપીઓ સરકારી પીપળવા ગામે તળાવ પાસે આવેલ ખારામાં જાહેરમાં પૈસાની હારજીતનો જુગાર રમતા રોકડા રૂપિયા ૧૦,૮૩૦ તથા જુગાર લગત સાહિત્ય સાથે રેઈડ દરમ્યાન પકડાઈ જઈ ગુન્હો કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

# રાજુલા : વકીલ મંડળના બિન હરીફ વરણી કરવામાં આવી



રાજુલા, તા. ૨૯

રાજુલા વકીલ મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી. જેમાં સતત ચોથી વખત પ્રમુખ પદે વિજયભાઈ વરૂની વરણી બિનહરીફ થવા પામેલ. રાજુલા વકીલ મંડળની ચૂંટણી અંગે બેઠક મળેલી. જેમાં તમામ હોદ્દેદારો હાજર રહેલા અને તમામ હોદ્દેદારોની બિન હરીફ વરણી થયેલી પ્રમુખ પદે વિજયભાઈ વરૂ અને ઉપપ્રમુખ પદે કરશનભાઈ રાઠોડ તેમજ સહ ઉપપ્રમુખ તરીકે હિતેશભાઈ ખાગડ, સેક્રેટરી તરીકે મેલિનભાઈ ઠાકર તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે કીર્તિભાઈ પરમાર અને ખજાનચી તરીકે પંકજભાઈ સરવૈયા તેમજ લાઈબ્રેરીયન તરીકે અશોકભાઈ બાબરિયાની સર્વાનુમતે વરણી કરતા સૌ કોઈએ આ વરણીને અભિનંદન પાઠવેલા.

# કેરીયાનાગસ પ્રાથમિક શાળાની મુલાકાત લેતા પૂર્વ વિદ્યાર્થી લાઠીયા



અમરેલી, તા. ૨૯

કેરીયાનાગસ પ્રાથમિક શાળામાં પૂર્વ વિદ્યાર્થી અને અમેરિકા સ્થિત અને ગવર્મેન્ટ ઓફિસર (STRUCTURAL BRIDGE DESIGN ENGINEER) તરીકે ફરજ બજાવતા અને આ શાળાના બિલ્ડિંગમાં જેમનું ખૂબ જ યોગદાન છે તેવા સ્વ. પ્રાગજીભાઈ ડુંગરભાઈ લાઠીયાના સુપુત્ર પ્રણવભાઈ લાઠીયા તથા તેમના ધર્મપત્ની ભાવનાબેન લાઠીયા તથા વડીલ લક્ષ્મણભાઈ લાઠીયાએ તારીખ ૨૧/૧૨/૨૦૨૩ ના રોજ શાળાની મુલાકાત લીધેલ હતી. જેમાં તેમણે તેમના આ શાળાના બાળપણના સંસ્મરણો તાજા કર્યા હતા તેમજ શિક્ષણ અને સંસ્કારલક્ષી માર્ગદર્શન પણ બાળકોને આપેલ હતા. તમામ બાળકોને લાઠીયા પરિવાર તરફથી ભાજી–પાવનું ભોજન કરાવેલ અને ધોરણ એક થી આઠ માં વાર્ષિક પરીક્ષામાં પ્રથમ નંબર લાવનારને રૂા. ૧,૦૦૦ નું રોકડ ઈનામ જાહેર કરેલ છે તેમજ તમામ બાળકોને માતા–પિતાનું મહત્વ પણ સમજાવેલ. જે કોઈ બાળ કોને ભવિષ્યમાં શિક્ષણમાં મુશ્કેલીઓ પડે તો ગમે તે સમયે માર્ગદર્શન લેવા માટે પણ પ્રણવભાઈએ ખાતરી આપેલ હતી. આ તબક્કે એસએમસી પરિવાર અને શાળા પરિવાર કેરીયા નાગસ પ્રાથમિક શાળા, લાઠીયા પરિવારનો ખુબ ખુબ આભાર વ્યકત કરે છે.

### કુટુંબીઓ વચ્ચે માથાકૂટ થઈ

# સાવરકુંડલાનાં ગાધકડા ગામે પ્લોટમાં દબાણ કરવા બાબતે સામસામે મારામારી

### પોલીસે બન્ને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી

અમરેલી, તા. ૨૯

સાવરકુંડલા તાલુકાના ગાધકડા ગામે રહેતા હરેશભાઈ જીવાભાઈ સોલંકી તથા સાાવાળા આરોપી વિનુભાઈ ગોવિંદભાઈ સોલંકી એક જ કુટુંબના હોય અને હરેશભાઈ સોલંકીનું ગાધકડા ગામે કલ્યાણપુર વિસ્તારમાં જુનું પડી ગયેલ મકાન આવેલ હોય. આ મકાનને અડીને આ કામના સામાવાળાનું રહેણાંક મકાન આવેલ હોય. આ કામના આરોપી વિનુભાઈ ગોવિંદભાઈ સોલંકીના નવા મકાનનું બાંધકામ કરતા હોય અને પ્લોટમાં આશરે પાંચ ફૂટ જેટલું દબાણ કરતા હોય. જેથી હરેશભાઈ જીવાભાઈ સોલંકી તથા સાહેદોએ સામાવાળાને પ્લોટમાં દબાણ કરવાની ના પાડતા અને દીવાલ કાઢી નાખવાનું કહેતા સામાવાળાએ દીવાલ કાઢવાની ના પાડતા સાહેદ નેહાબેન તથા નાનીબેને દીવાલમાંથી ઈંટો કાઢવાનું શરૂ કરતા સામાવાળાના હાથમાં ધારીયું, ધોકો લઈ તમામ સામાવાળા સાત આરોપીઓએ એક સંપ કરી ગેરકાયદે મંડળી રચી આરોપીએ ઉંધા ધારીયા વડે સાહેબ નેહાબેનને પીઠનાં ભાગે તથા ડાબા પડખામાં માર મારી મૂંઢ ઈજના કરી, ધોકા વડે ફરિયાદીના ડાબા હાથના બાવડા ઉપર માર મારી મૂંઢ ઈજા કરી ઈંટનો છુટો ઘા ફરિયાદી તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. તો સામા પક્ષે આ જ બનાવમાં વિનુભાઈ ગોવિંદભાઈ સોલંકીએ સામાવાળા હરેશભાઈ જીવાભાઈ સોલંકી સહિત ત્રણ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

# બગસરામાં એસ.ટી. ડેપોમાં ભારત સંકલ્પ યાત્રા સફાઈ અભિયાન અંતર્ગત કાગળ ઉપર સફાઈ


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૯

બગસરા એસ.ટી. ડેપોમાં ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત સફાઈ અભિયાનમાં બગસરા એસ.ટી. ડેપોમાં આવતી તમામ બસોમાં કોઈપણ જાતની સફાઈ કરવામાં આવતી નથી અને માત્રને માત્ર ડ્રાઈવર–કંડકટર પાસે સહી કરી અને બસ સાફ થઈ ગઈ છે તેવી સહી લેવામાં આવે છે. સફાઈના નામે મોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો છે તપાસ કરવામાં આવે તો ઘણું બહાર આવે તેવી શકયતા છે. આ બાબતે જાગૃત નાગરિકો દ્વારા પ્રેસ મીડિયાને જણાવ્યું છે કે, આ બાબતે તપાસ કરવામાં નહીં આવે તો અમો મુખ્યમંત્રી ઓનલાઈન કાર્યક્રમમાં રાબેતા મુજબ અરજી દાખલ કરવામાં આવશે જેનો જવાબ જવાબદાર અધિકારીએ આપવાનો રહેશે. જોકે આ બાબતે માહિતી આપનાર નાગરિકે પ્રેસ મીડિયાને જણાવ્યું છે કે આ બાબતનાં અમારી પાસે પુરાવા છે જેથી યોગ્ય તપાસ કરી પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સફાઈ બાબતમાં લાખો રૂપિયાની ગ્રાન્ટ મોકલે છે ત્યારે બગસરામાં એસ.ટી. ડેપોમાં અધિકારીઓ પોતાના ખિસ્સા ભરવા ભ્રષ્ટાચાર કરવા કાંઈ બાકી રાખતા નથી. આ બાબતે લોકોની માંગ ઉઠી છે કે બગસરા એસ.ટી. ડેપોમાં તપાસ કરવામાં આવે તો ઘણું બહાર આવે એવી શકયતા છે.

### જાગૃત ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનાં માર્ગદર્શન હેઠળ

# સાવરકુંડલા પાલિકાની ખાસ સાધારણ સભાની બેઠકમાં સર્વસંમતિએ ઠરાવો પસાર

### પાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીના અધ્યક્ષ સ્થાને ખાસ સાધારણ સભા મળી



સાવરકુંડલા. તા. ૨૯

સભાખંડમાં ખાસ સાધારણ સભા મળી હતી આ સામાન્ય સભામાં પુનરાવર્તિત વિકાસ યોજના ૨૦૪૧ અન્વયે નગર આયોજન સમિતિ દ્વારા કરેલ ઠરાવને બહાલી આપવામાં આવેલ સાવરકુંડલા શહેરને આગામી ૨૫ થી ૪૦ વર્ષના વિકાસને ધ્યાન રાખી ગટર પાણી અને સ્ટ્રીટ લાઈટ જેવી આવશ્યક સેવા ગુણવત્તા યુક્ત મળી રહે તેવા શુભ આશયથી આ કામને અસર કરશેના નિયમ મુજબ ઓનલાઈન ટેન્ડરિંગ પ્રક્રિયા કરી અને એજન્સીની નિમણૂક કરવાનો મુસદ્દો ચર્ચામાં રજૂ થતા હાજર સભ્યો દ્વારા સર્વનામતે ઠરાવો મંજૂર થયેલ હતા.

આ ખાસ સાધારણમાં ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી કારોબારી ચેરમેન અશોકભાઈ ચૌહાણ દંડક અજયભાઈ ખુમાણ પક્ષ નેતા જનકબેન કરસનભાઈ આલ, તેમજ વિવિધ સમિતિના ચેરમેનઓ, સદસ્યોઓ,ચીફ ઓફીસર સહિત કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા.

### ક્રાંકચનાં મહેશભાઈ પાનસેરીયાને

# લીલીયા ખાતે ચેકરીટર્ન કેસમાં કોર્ટ દ્વારા ૩ માસની સજાનો હુકમ

## ચેકની રકમ જેટલો દંડ અને વળતર ચુકવવા આદેશ

લીલીયા, તા. ૨૯

લીલીયા મોટા ક્રિષ્ના કન્જયુમર્સ એનેશરાફી સહકારી મંડળી લી. માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) મહેશભાઈ ભરતભાઈ પાનશેરીયા, રહે. ક્રાંકચ, તા.લીલીયા નો ચેક રૂા. ૫૦,૨૨૧/– નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રિષ્ના કન્જયુમર્સ અને શરાફી સહકારી મંડળીનાં ચેરમેન હાર્દિકભાઈ જે. દવેએ આ બાકીદાર સામે મંડળીનાં લીંગલ એડવાઈઝર કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરીયાદ કેસ નં. ૩૪૫/૨૦૨૩ નો દાખલ કરેલ છે. અને કેસ ચાલી જતા નામદાર અદાલત દ્વારા મહેશભાઈ ભરતભાઈ પાનસેરીયા રહે, ક્રાંકચ, તા.લીલીયા વાળાને ત્રણમાસની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ રૂા. ૫૫૨૨૧ તથા તે પરતું વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. તેમજ તેટલી જ રકમનો દંડ નામદાર કોર્ટમાં ભરવો અને દંડ ન ભરે તો વધુ એક માસની સજા ભોગવવા લીલીયાનાં પ્રિન્સીપાલ સિવલ જજ અને જયુડી. મેજીસ્ટ્રેટે હુકમ કરેલ છે. આમ આ હુકમ થતાં મંડળીનાં બાકીદારોમાં ફફડાટ વ્યાપી ગયેલ છે. આરોપી હાલ ફરાર હોઈ નામદાર અદાલત મારફત એસ.પી. અમરેલીને સજા વોરન્ટ મોકલી સત્વરે ધરપકડ કરી જેલ હવાલે કરવા હુકમ કરવામાં આવેલ છે.

### 'ઉડતા ગુજરાત'એ ભાજપની ગિફ્ટ

# ગુજરાતમાં ૧૭.૩૫ લાખ પુરૂષો, ૧.૮૫ લાખ મહિલાઓ ડ્રગ્સનાં બંધાણી : કોંગ્રેસ

## સરકાર પાસે ડ્રગ્સની બદીને ડામવા માટે પોલીસ ફોર્સ નથી

અમદાવાદ, તા. ૨૯

રાજયમાં હજારો કિલો ડ્રગ્સ પકડાય અને ભાજપ સરકાર વાહવાહી લુટે છે પરંતુ રાજય અને દેશ – વિદેશમાં પાછલા બારણે અબજો રૂપિયાનું ડ્રગ્સ વેંચાણમાં ગુજરાત ગેટવે બન્યું છે. ત્યારે 'ઉડતા ગુજરાતે' ભાજપની ગીફટ છે. તેમજ દેશના અને ગુજરાતનાં યુવાનોને બરબાદ કરનારી દારૂ અંગેની નીતિઓ પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિનાં પ્રવકતા હિરેન બેન્કર જણાવ્યું હતું કે ગુજરાતમાં કરોડો રૂપિયાનાં ડ્રગ્સનો કારોબાર બેરોકટોક થઈ રહયો છે. છેલલા પાંચ વર્ષમાં ગુજરાતમાં ૯૩૬૯૧ કિલો ડ્રગ્સ પકડાયું. જયારે ૨૨૨૯ લીટર પ્રવાહી ડ્રગ્સ તા. ૯૩૭૬૩ ડ્રગ્સ પીલ્સ ઈન્જેકશન પકડાયા છે. ગુજરાતમાં ડ્રગ્સની બદીને નાથવામાં ભાજપ સરકાર નિષ્ફળ નીવડી છે. મોંઘવારી, બેરોજગારી ઉપરાંત અન્ય કારણોસર સગીર વયનાં બાળકો મહિલાઓને ડ્રગ્સની તસ્કરી માટે ડ્રગ્સ માફિયાઓ ઉપયોગ કરી રહયા છે. રાષ્ટ્રીય સર્વે અનુસાર ગુજરાતમાં વર્ષ ૨૦૧૮ ના આંકડા પ્રમાણે રાજયનાં ૧૭ લાખ ૩૫૦૦૦ પુરૂષો ડ્રગ્સનાં બંધાણી જયારે ૧ લાખ ૮૫ મહિલાઓમાં પણ ડ્રગ્સની બંધાણી છે જે દશાવેલ ગુજરાતમાં કેટલી હદે ડ્રગ્સનો કારોબાર ફુલ્યો ફાલ્યો છે. રાજય પોલીસ, એનસીબી, ડીઆરઆઈ સહીતની કેન્દ્રીય સંસ્થાઓ રાજયમાં બોર્ડર પોસ્ટ, પેટ્રોલિંગ, રાઉન્ડ–ધ–કલોક સર્વેલન્સ, સીસીટીવી કેમેરા સહીતની ટેકનોલોજી હોવા છતાં રાજયમાં હવાઈ માર્ગ, દરિયાઈ માર્ગપોર્ટ જેવા માર્ગથી ગુજરાતમાં કરોડો રૂપિયાનું હજારો કિલો ડ્રગ્સ ઠલવાઈ રહયું છે. જો પકડાયેલા ડ્રગ્સની માત્ર હજારો કિલોમાં અને પાછલા બારણે આ કાળો કારોબાર કેટલો મોટો હશે ? ત્યારે ગુજરાત ડ્રગ્સનું પ્રવેશ દ્વારા અને એપી સેન્ટર બને તે ખુબ જ ચિતાજનક છે.

રાજયમાં સરકાર પાસે આ ડ્રગ્સની બદીનો નાથવા માટે પુરતો પોલીસ ફોર્સ પણ નહી. કેન્દ્ર સરકારના અહેવાલ સરકાર દેશનાં પ્રતિ લાખ જનસંખ્યા પ્રમાણે ૧૯૬ પોલીસ જવાનની જરૂર જેની સામે હાલ માત્ર ૧૫૨ પોલીસ જવાન છે. ગુજરાત પ્રતિલાખ જનસંખ્યા પ્રમાણે ૧૭૪ પોલીસ જવાન હોવા જોઈએ જેની સામે ગુજરાતમાં પ્રતિલાખ માત્ર ૧૧૭ પોલીસ જવાન જે રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ઓછા પોલીસ જવાન છે. નશામુકિત અભિયાન, અવેરનેસ એકટીવીટી, ડ્રગ્સ અંગે જનજાગૃતિ કાર્યક્ષણ કાગળ પર હોય તેમ જણાઈ રહયું છે. સરકારે છેલ્લા કેટલાય સમયથી ડ્રગ્સ સામે લઈાડ લડતી ૭૫ થી વધુ સંસ્થાઓની ગાંન્ટ ખરીદી દીધી છે. ગુજરાતમાં ડ્રગ્સની ભયાવહ બદીને નાથવા સ્કુલ અને કોલેજમાં એન્ટી ડ્રગ્સની ભયાવહ બદીને નાથવા સ્કુલ અને કોલેજમાં એન્ટી ડ્રગ્સ નો ડ્રગ્સ કેમ્પેઈન ચલાવામાં આવે વહેલી તકે પોલીસ કર્મીઓની ભરતી કરે અને ડ્રગ્સ માફિયાઓ પર તાત્કાલિક કડક પગલાં લે તેવી કોંગ્રેસ પક્ષની માંગ છે.

### જાગૃત્ત નાગરિકની રજૂઆત અને મીડિયામાં અહેવાલ પ્રસિઘ્ધ થતાં

# જાફરાબાદનાં દરિયાકાંઠા વિસ્તારમાં આડેધડ ખોદકામ કરી મેન્ગ્રુઝનાં વૃક્ષોને થતું નુકસાન અટકાવવા કાર્યવાહી

## મામલતદારે દરિયાકાંઠા વિસ્તારમાં વૃક્ષોનું નિકંદન ન કરવા સુચના આપી


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

લાયન નેચર ફાઉન્ડેશનની માંગ

### જાફરાબાદનાં ખારાપાટા વિસ્તારમાં મેંગુરનાં વૃક્ષોનું થતુ નિકંદન અટકાવો

રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

જાફરાબાદ, તા. ૨૯

જાફરાબાદ શહેરના નવા પુલની બાજુમાં સામાકાંઠા વિસ્તારમાં આવેલ દરિયાઈ ખાડીમાં મેંન્ગ્રુજના ઝાડ તેમજ ખાડીમાં ખોદકામ કરી પર્યાવરણને મોટાપાયે નુકસાન થતું હોય તેની રજૂઆત કલેકટરને કરેલ હતી. તે રજૂઆતને અધિકારીઓ દ્વારા સ્થળ તપાસ કરતા ખરી હકીકત હોય જેથી સ્થળ પર રોજકામ કામ કરી આવા લોકોને મામલતદાર જાફરાબાદનાઓએ હવે પછી કોઈપણ આધુનિક સાધનો દ્વારા દરિયાઈ ખાડીમાં ખોદકામ કે ઝાડ કાપવા નહીં તેવું કહી દીધેલ અને જો હવે પછી આ સ્થળ ઉપર આધુનિક સાધનો જોવામાં આવશે તો તે સાધનોને કબ્જે લઈ યોગ્ય કાર્યવાહી કરવી પડશે અને જો તમારે આ જગ્યા પર કાંઈ પણ કરવું હોય તો કાયદેસર મંજૂરી મળ્યા બાદ આગળ કામ કરવું અન્યથા કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે તેવો હુકમ કરવામાં આવ્યો છે. આથી જાફરાબાદ શહેરના રહીશ એડવોકેટ હરેશભાઈ બાંભણિયાની રજૂઆત તંત્ર દ્વારા તપાસ કરી તંત્ર દ્વારા આ કામ બંધ કરાવેલ હોય જેથી આ કામ બંધ થતા જાફરાબાદ શહેરના તેમજ જાફરાબાદ તાલુકાના પર્યાવરણ પ્રેમીઓમાં ખુશીનો માહોલ જોવા મળેલ છે.

### જાહેરમાં હારજીતની રમત આદરી

# ખાંભા : ધુંધવાણા ગામે જુગાર રમતા ૮ પત્તાપ્રેમી ઝડપાયા

## પોલીસે રૂપિયા ૩૧૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો



અમરેલી, તા. ૨૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહ તેમજ નાયબ પોલીસ અધિક્ષક એચ.બી. વોરાએ અમરેલી જીલ્લામાંથી જુગાર/દારૂની બદી દુર કરવાં માટે સઘન પેટ્રોલીંગ રાખી તેમજ સફળ રેઈડો કરી જુગાર/દારૂની કડક કાર્યવાહી કરવાં સુચના અને માર્ગદર્શન આપેલ હોય, જે અન્વયે ખાંભા પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સપેકટર કે.ડી.હડીયાની સુચના અને માર્ગદર્શન નીચે ખાંભાના ધુંધવાણા ગામે જાહેરમાં હારજીતનો જુગાર રમતા જયસુખભાઈ જોરૂભાઈ સોલંકી, મુકેશભાઈ ઉર્ફે મુનો રામજીભાઈ રાઠોડ, વિજયભાઈ જીવરાજભાઈ ચાવડા, ધર્મેશભાઈ જીણાભાઈ મકવાણા, ભાવેશભાઈ અરજણભાઈ વાઘેલા, શીવાભાઈ વીરાભાઈ ગોહીલ, ગોરધનભાઈ રામજીભાઈ રાઠોડ તથા હરજીભાઈ દેસાભાઈ રાઠોડ રહે. તમામ ધુધવાણા.(તા.ખાંભા) વાળા આઠ ઈસમોને રોકડા રૂપિયા ૧૦,૬૦૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ નંગ–૫ મળી કુલ રૂા.૩૧,૬૦૦ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધમાં ખાંભામાં ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

### ૨૮ ડિસેમ્બરને ગુરૂવારનાં રાત્રિનો બનાવ

# ચિત્તલની સબ પોસ્ટ ઓફિસની તિજોરી તોડી રૂપિયા ૩૪૧૬૦ની ચોરી

## પોસ્ટ ઓફિસમાં સીસીટીવી કેમેરાનો અભાવ



ચિત્તલ, તા. ૨૯

જાણવા મળતી વિગતો મુજબ ચિત્તલ સબ પોસ્ટ ઓફિસનાં પોસ્ટ માસ્તર મુકેશ યુ. જોશીએ પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ આજે સવારે તા. ૨૯/૧૨ ને શુક્રવારે પોસ્ટ ઓફિસનાં પટ્ટાવાળાએ ઓફિસ ખોલતા–તિજોરી તુટેલી હોઈ મુકેશભાઈ જોષીને જાણ કરતા તેઓ ઓફિસે પહોંચી પોતાનાં ઉપલા અધિકારી અને ચિત્તલ ઓપી જમાદાર જયરાજભાઈને જાણ કરી હતી. ગત રાત્રીનાં તિજોરીમાં મુકેલ રૂા. ૩૪૧૬૦/–ની રકમ ગાયબ હતી. તિજોરી તૂટેલ હતી. તાત્કાલિક તાલુકા પીએસઆઈ પોલીસ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે આવી ગયેલ હતો. આ ચોરીની બાબત કોઈ જાણભેદુ રેકી કરીને પોસ્ટ ઓફિસનાં પાછળનાં ભાગેથી બારીનો સળીયો તોડીને અંદર આરામથી પ્રવેશી કદાચ નાના ગેસનો બાટલો સાથે લઈ ગેસ કટરથી તીજોરી તોડી હોવાનું અનુમાન છે. જો કે પોસ્ટ ઓફિસ ગોદડપરામાં રહેણાંક વિસ્તારમાં અંદર આવેલી હોય પોસ્ટ ઓફિસની બહારનાં ભાગે કે અંદર સીસીટીવી કેમેરા લાગેલ નહોતા તે તેથી કોઈ ઓળખાઈ શકયા નથી. બનાવની તપાસ તાલુકા પીએસઆઈ લક્કડે આરોપીને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

આપના પાલતુ ઘોડાને ભુખ તથા પાચન સંબંધી લક્ષણો માટે તેમજ ઘોડામાં થતો પેટતોડાનાં રોગ માટે
૧૦૦% અસરકારક આયુર્વેદિક દવા મળશે
તેમજ વછેરા-વછેરીનાં વિકાસ માટે અસરકારક પાવડર મળશે
સંપર્ક કરો
શ્રી રાકેશભાઈ ખત્રી
મો. ૮૫૩૦૪ ૭૯૦૨૨ – અમરેલી

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

LED TV, હોમથીયેટર, પ્રોજેકટર, પ્રીન્ટર, CCTV, ટ્રીમર તેમજ બધા જ ઈલેકટ્રીક ડીવાઈસ રીપેરીંગ કરી આપીશુ
પ્રિસીસન ટેલીકોમ
દુ.નં.B-4, રોનક ટ્રાન્સપોર્ટની બાજુમાં, ડીવાઈન એમ.આર. આઈ. સેન્ટર ની સામે, કોમા સ્ટોર ની પાછળ, જુના માર્કેટિંગ યાર્ડની અંદર, અમરેલી ફોન : ૨૩૦૯૪૦, મો.૯૮૨૫૧ ૭૬૧૬૩

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

go BIG go XOOM
XOOM
LED TAIL LAMP
DIGITAL SPEEDOMETER
Navnit Hero
Near Gopi Cinema, Station Road, Amreli-365601
+91 92899 22254
navnit@heromotocorp.biz

॥ વંદે માતરમ્ ॥
YAMAHA જીજ્ઞેશ એજન્સી YES! YAMAHA
Make an Impression
fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

HONDA The Power of Dreams
સપના કરશે સાકાર...
Shine 100cc
કિંમત રૂા. 64,900/-* થી શરૂ
સૌથી સસ્તુ બાઈક
સાથે ISI માર્કાવાળુ ફ્રી હેલ્મેટ તદ્દન મફત
3+3 years warranty
ઓથો.ડિલર પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશન સામે, સ્ટેશન રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૬૨૦૧/૦૨ મો. ૯૭૨૨૨ ૩૨૩૨૨

એકદમ ક્રિસ્પી ખાજલી
મોહનથાળ
ગુલાબ જાંબુ
ટોપરાપાક
લાડુ
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મનીષભાઈ : મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨

તમારો દરેક પ્રસંગ યાદગાર બનશે
ક્રિષ્ના ઈવેન્ટ
KRISHNA EVENT
• અમરેલી • સુરત • મોરબી
• લોકડાયરો • લગ્નગીત
• હાસ્ય દરબાર ગરબા • પ્રાઈવેટઈવેન્ટ
• સંગીતસંધ્યા • રાસગરબા
• કોર્પોરેટઈવેન્ટ • બોલિવૂડ કોન્સર્ટ
દ્વારકેશભાઈ જોષી
99741 55535

''શ્રી વલ્લભ''
MARUTI SUZUKI ARENA
ડિસેમ્બર ધમાકા ઓફર
પછી કહેતા નહીં કે અમે રહી ગયા....
ભાવ વધે તે પહેલા કાર બુક કરાવો અને તમારા સપનાની કારનાં માલીક બનો...
CELERIO
ટેસ્ટ ડ્રાઇવ લેવા માટે રૂબરૂ શો–રૂમ પર પધારો
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

(ગયા અંકનું ચાલુ)

પવનદેવ પણ મારી પેઠે સ્થળ ભૂલ્યા હશે કે શું ? એ ઘરે જવાને આટલા ઉતાવળા થયા એ કારણોસર કે ઉદ્‌ભવેલા ઉચાટના કારણે. હું પરસેવે રેબઝેબ થઈ ગઈ. હવે કેટલી રાહ જોવાની ને કોની રાહ જોવાની ? મારે પણ ચાલવું જ રહ્યું. ચાલવામાં કોઈ વાંધો ન હતો પણ આટલો સામાન ઉપાડે કોણ ? કોઈ સાથે હોય તો... સમસ્યાની સાંકળ વિસ્તરતી રહી. પિયર જવાના થનગનાટે મને પચીસ વર્ષની બનાવી હતી પણ અત્યારે હું પંચાવન વટાવી ચૂકયાના અહેસાસ સાથે ઊભી રહી.

અંધારું, એકલ–દોકલ દોડી જતાં વાહનો, ને આ વૃક્ષો પણ રાવણ બને તો ! મારાથી મનોમન બોલાઈ ગયું, ભલે હું સીતા નથી પણ મને મારા રામ સુધી પહોંચાડો. એય શકય ન હોય તો લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન કોઈને જગાડો, અરે ! અત્યારે કૈકેયી કે મંથરા પણ મને મંગલકારી લાગશે. પર્સમાં ફરી હાથ નાખી મોબાઈલને યાદ કર્યો. દ્રૌપદીના પટવીર ચીર પૂરવા આવે પણ નેટવર્કનું કનેકશન જોડવા થોડા આવે ? છતાં પણ એના મદારે નીકળી હતી એટલે એને આમ આર્તનાદ કરતી રહી. હવે ટાવર તો ઠીક પરંતુ મોબાઈલની બેટરી પણ ડિસ્ચાર્જ થઈ ગઈ હતી, હે રામ માત્ર ચરણસ્પર્શથી અહલ્યાને ઉદ્ધારી તો મને માત્ર પવનસ્પર્શથી આ મોબાઈલ ચાર્જ ન કરી આપો ! એવી વર્તમાન યુગની પ્રાર્થના કંઈ ફળે ? હૃદયના એક'ક ધબકારે જાણે અનેકાનેક કબૂતરની પાંખો ફફડી ઊઠી, શું કરૂં ? કયાં જાઉં ? કોણ વહારે થાય ? છૂટાં છવાયાં આવતા– જતાં વાહનોને હાથ લંબાવીને થાકી હતી. મારા ડાબા હાથે જાણે મને છાંછિયું કર્યું હોય તેમ લાગ્યું. જમણો હાથ પણ પર્સના ભારથી અકળાયેલો લાગ્યો. બે બેગ તરફ આ આંખોએ તિરસ્કાર ભરી નજરે જોયું.

જમણા ખભે થેલો ને બે હાથમાં એક એક બેગ પકડી, હું માંડ દસે'ક ડગલાં ચાલી ત્યાં તો જમણાએ જાણે વડકું ભર્યું. જા, હું ડબલ ભાર કેમ ઉપાડું ? મારા કંઈ કામનું નથી આ બધું' મને ત્યાં જ બેસી પડવાનું મન થયું પણ બેસવું કયાં ? કોઈ એવું સ્થળ ન દેખાણું. તો વળી અંધારી રાતે આમ કયાં સુધી બેસી રહેવાનું ?

આવડતા હતા એટલા બધા ભગવાનને યાદ કરી જોયા. માઁ અંબા, બહુચર, મહાકાલી કાત્યાયની, રાંદલમાઁને પણ તેડાવ્યાં. કોઈ તો વહારે ધાય... કયા અપરાધની આ સજા ? અત્યારે હું જાઉં કયાં ? ગામ ઘણું મોટું હતું પરંતુ હું કોઈ અલગ સ્થળે ઊતરી હતી એ ચોક્કસ. મારૂં મન હજુ અવઢવમાં હતું આ સ્થળ વિષે. ત્યાં તો નોંધારાના આધાર સમું કંઈક આવતું જણાયું, હવે મને મારૂં પર્સ, થેલો, બેગ બળવત્તર બનતી ચાલી.

મોબાઈલ કે અન્ય માયામાં રસ ન હતો. પણ મારી કાયાને સલામત સ્થળે પહોંચાડવાની લાલસા બે તગતગતી આંખોનો અણસાર વર્તાયો, કંઈક આવી રહ્યું છે એ નક્કી. સીતાની મદદે રામ આવશે... પણ અત્યારે રણશિંગું ફૂંકતો રાવણ ભટકાઈ જાય તો ?

મોબાઈલ કાન પાસે રાખી મેં નાટકનું રિહર્સલ ચાલુ કર્યું. હા... હા... અહીં જ લેવા આવી જાવ. ના, કંઈ જ ડરવા જેવું નથી. હું કંઈ એમ કાચી–પોચી નથી. તમે આવો, અહીં જ ઊભી છું. ને એ નાટકનું રિહર્સલ ઠગારૂં સાબિત થયું, મારા આશ્ચર્ય સાથે નોંધરાના આધાર સમી ઘોડાગાડી પાસે આવીને ઊભી રહી. ઓ હો...હો... બબાકાકા તમે ? મને ઓળખવા. એ મથી રહ્યા. એમનો સાવ સામાન્ય પહેરવેશ ને એ જ

જૂની ઘરેડ, મને જોતાં એ બોલ્યા, કોઈ લેવા આવે છે કે

મૂકી જાઉં ? હું તમારી સાથે જ આવું છું. ફોન પર્સમાં મૂકતાં

હું તરત બોલી ઊઠી, તમે મળી ગયા છો તો હવે શું કામ

કોઈને બોલાવવા ?

પણ કઈ બાજુ જવાનું, બુન ?

બબાકાકા, હું એમ.ટી. ઉપાધ્યાયની ગૌરી. ભટ્ટની ફળીમાં, મહેતા સાહેબવાળી ખડકી. ઓળ

# વાર્તા–વૈભવ



## અમર તરુ

– ગિરા પિનાકિન ભટ્ટ

ખું.... ઓળખું છું એમને, પણ અટાણે આટલા અંધારામાં ? અહીંયાં ભોં ભારે.

વળી કોઈ સાધન પણ ન મળે, હોં બુન. આવું સાંભળી હૃદયને થડકો લાગ્યો.

હા કાકા... ઘણું બધું બદલાઈ ગયું છે. ને હું તો લગભગ દસ વર્ષ પછી આવી.

અરે બુન, હવે તો દસ વરસમાં દસ ભવ જેટલું બદલાઈ જાય છે. આ અંડરબ્રીજ ને ઓવરબ્રીજ ને ફલેટોના રાફડા... બધું જાણે રાત–દિવસમાં સરજાઈ જાય.

પેલો બંદૂકચી બંદૂક ફોડે એટલા સમયમાં તો ભારેખમ બેગો સાથે હું ઘોડાગાડીમાં ગોઠવાઈ ગઈ. મારી યાદશકિતએ જાણે પ્રાણ પૂર્યા, આજથી અઠ્ઠાવીસ વર્ષ પહેલાં... આ જ ઘોડાગાડી, આ જ બબાકાકાને રંગે–ચંગે મારૂં ફુલેકું નીકળ્યું હતું, પણ તે દિવસે બબાકાકાએ નવાં કપડાં પહેર્યા હતાં. ને ઘોડીના ડિલે પણ સરસ મજાની ઓછાડ ઝૂલતી હતી. એના પગે બાંધેલા ઘુઘરાને ગળાનો હાર... પણ અત્યારે તો એ નવોઢા જેવા વેશ ન જ હોય ને ? બબાકાકા ઘોડીને ડચકારતા હતા–એ સહેજ બેઠા થયા. એમના બેસવાની ગોદડી તરફ મારી નજર અનાયાસે ખેંચાઈ. અત્યાર સુધી ચડાવેલાં અનેક કવરો વીંધીને તળિયે બાકોરૂં પડયું હતું, એ બાકોરાને પૂરવા માટે કોઈને નવરાશ નહીં હોય ? મારો એવો કશો આશય ન હતો છતાં પણ જીભે અંગારો ચાંપી જ દીધો. હેં કાકા, મારાં કાકી શું કરે છે ?

શી ખબર બુન ? પરલોકમાં પહોંચે પાંચ વરસ થવા આવ્યાં.

ઓહ ! મારા દાંતને હુકમ નહોતો કર્યો છતાં એણે જીભને કચરી નાખી, દુઃખાવો થયો છતાં મને ગમ્યું. થોડીક ચુપકીદી છવાઈ, પવને પણ એક લહેરખી સાથે હાજિયો પુરાવ્યો.

તે સમયે ગામમાં એકમાત્ર ઘોડાગાડી હતી. એટલે બબાકાકાને સહુ ઓળખે. વળી કંકુકાકી પણ બહુ મજાનાં હસતાં–હસતાં અમને ફરિયાદ કરે કે... 'તારા કાકા મને કદી ઘોડાગાડીમાં નથી બેસાડતા. ને ઘોડાના પગની ખરીઓ રોડ ઉપર પડે તેવી રીતે એ તાલબદ્ધ હસે.'

મારાં કંકુકાકીને શું થયું હતું હેં બબાકાકા ?

એ દઈ જોણ હું યું તે. પણ આંખો ફાડીને જોયા કરે. ઘરમાં છોકરીઓ સાથેય ન બોલે કે કશું જ નહીં. પરોણે દવાખાને લઈ જઉં પણ દવા લેવાનીય હમજે નહીં. એક દી' હહડીન તાવ આયો તે લઈન ગ્યો. ને તેમણે પહેરેલા પહેરણની બાંયથી આંખો લૂછી.

અંધારી રાતને અણધારી આફત, બદલાતા સમય, સંજોગોને હું કસોટીમાંથી ઊગરી ગઈ. થોડા સમયમાં પિયરઘરનો રસ્તો રમકઝમક કરતો લાગ્યો. હેઠો પડેલો પવન પણ રામઢોલ વગાડવા તત્પર હોય તેવું લાગ્યું. ઘર આગળ ઘોડાગાડી ઊભી રાખી ત્યાં ઘોડીએ પણ જાણે હળવા હણહણાટ સાથે આનંદનાં ઓવારણાં લીધાં. પર્સ ખોલી પચાસની નોટ મેં ધરી, એ અપલકનેત્રે જોઈ રહ્યા. કદાચ ઓછા હશે ? મારા મનના મંડળાકારે આદેશ કર્યો, પર્સમાં પચાસની નોટ મૂકી દેતાં મેં સોની નોટ સાથે હાથ લંબાવ્યો.

..'જા... જા... જા... હવે, ભાડુ કંઈ લેવાતું હશે ?'

એમ ન ચાલે કાકા, આટલા તો રાખવા જ પડશે. ના હોં, એ તો હું એ બાજુ કોમે ગ્યો'તો. આવતાં તને બેહાડી, એમાં ભાડુ લેવાય ?!'.

'કેમ ના લેવાય ?' મારી વાત સાંભળીને એ થોડા હક્કને હાસ્યમાં રગદોળતાં બોલ્યાં, ગાંડી થઈ છે? જા.. જા...જા... હવે, મોટી બહુ રૂપિયાવાળી. તારા ભાષા કે ભાઈએ બેહાડી હોત તો શું ઈમન ભાડુ દેવાની હતી ?'

હવે આશ્ચર્યથી જોવાનો વારો મારો હતો. શું બોલવું ને શું કહેવું ? મારી જિહ્વા જાણે જબરદસ્ત તાળાબંધીમાં એમનું પહેરણ અને એમનો દેખાવ એવાં નહોતાં કે મહેનતાણું આમ જતું કરાય, એ પણ ચાર–ચાર દીકરીઓના બાપ હતા. અમારા બન્નેની આંખોમાં કોઈઅજાણ્યો ભાવ તરી રહ્યો. મારા હાથમાં રહેલી પેલી સોની નોટ પણ 'સ્થિતપ્રજ્ઞસ્ય કા ભાષા' જેવી બની ને બે હાથ જોડાઈ ગયા. એ મિનિટે એમનો હાથ મારા માથે મૂકતાં એ બોલ્યા,

ગામ આખામાં પૂછી જોજે, વર્ષો વીત્યાં, આ ઘોડાગાડીમાં લગનના અભરખા સાથે બેઠી હોય તેવી બેન–દીકરીના પૈસા મેં કદી લીધા જ નથી. શું એ બધી મારી દીકરીઓ નથી ? ને એમનો હાથ મારા માથા ઉપરથી હટાવવા ગયા ત્યાં જીર્ણ ઝભ્ભાએ બગલમાંથી બબાલ ઊભી કરી. પડેલા બાકોરાની પળોજણમાં પડયા વિના એ નિર્મોહીભાવે બોલ્યા, ચાલ દીકરી, સામાન ઉતારી લે હવે. આ કમરે મને કેટલાંય વર્ષોથી ઝાલ્યો છે એટલે મારાથી ઝાઝો સામાન ઉપાડાશે નહીં. પણ આટલો એક થેલો મૂકી દઉં તારે ત્યાં.'

ના... ના... કાકા ના, સામાન ન ઉપાડો. હું લઈ જઉં છું. એક તો તમે કશું લેતા નથી ને પાછું.. લે... તને કયાં ખબર છે હું કેટલું બધું લઈને જવાનો છું એ ? તારા ઘરે આનંદથી કંસારનું આંધણ મુકાશે. એની સોડમથી મારૂં મન અને મારૂં ખીસું ભર્યું ભર્યું. એમ બોલી એમણે ઘોડાગાડી પાછી વાળી. ને એ અમર તરૂને હું કયાંય સુધી જોતી જ રહી.

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી**
**– સંપાદક : રવજીભાઇ કાચા.**

# બાલ એકસપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

# પરોપકારી મહાત્મા મૂળદાસ

– રાજેન્દ્ર દવે

(ગયા અંકનું ચાલુ)

મુળદાસજીની વાત સાંભળી રતનભાઈ બોલ્યા : ''બાપુ, મને એ ઉપાય બતાવો.

મુળદાસજીએ કહયું : ''કાલે સવારે હું આશ્રમમાં મારા ભકતો સાથે સત્સંગ કરતો હોઉં ત્યારે તું ત્યાં આવજે અને મને કહેજે કે : મુળદાસ, આ તારા બાળકનું શું કરવું છે ? ભગવા પહેરી તે મલકને બહુ ધુત્યો. ઢોંગીડા હવે તારા ઢોંગ છોડી દે.''

મુળદાસજીના મુખેથી આવી વાણી સાંભળી રતનબાઈ તો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. તેઓ હાથ જોડી બોલ્યા : ''બાપુ, એ ન બને. આપની ઉપર ખોટું આળ ઓઢાડુ તો તો મહા કોપ થાય.'' મુળદાસજીએ રતનબાઈને ધરપત આપતાં કહયું :' દીકરી ! સાધુ–સંતોને માટે તો માન–અપમાન બંને સરખાં.''

લાંબી રકઝક પછી રતનબાઈ માંડ માંડ સંમત થયા ને આશ્રમમાંથી વિદાય થયા.

ઉગમણી દિશામાં સુરજ ઉગ્યો. સુરજના સોનેરી કિરણો આશ્રમની સુંદરતામાં વધારો કરી રહયાં હતા. મહાત્મા મુળદાસજી પોતાનાં નિત્યક્રમ પ્રમાણે પ્રાત : કાલીન વિધિ પતાવી પોતાનાં ભકતોને સંબોધી રહયા છે ત્યાં નકકી થયા મુજબ રતનબાઈએ આવીને શીખવ્યા મુજબ નાટક કર્યુ. રતનબાઈને સવારનાં પહોરમાં આ રીતે આશ્રમમાં આવેલા જોઈ ભકત સમુદાય તો દિગ્મૂઢ બની ગયો.


રતનબાઈએ પોતાની વાત પુરી કરી એટલે સંપુર્ણ સ્વસ્થતાથી મુળદાસ બોલ્યા : 'બાઈ, હું કયાં ના કહું છું ? અદાલતમાં કહેજે ને કે, મારા બાળકમાં પિતા મુળદાસ છે. પછી આ જગ્યામાં હાલી આવજે.''

મુળદાસજીની આવી વાણી સાંભળી શ્રોતાજનો ત્યાંથી ઉભા થઈ ચાલવા લાગ્યા. તેઓ મુળદાસને લંપટ, વિષ્યી અને ગુનેગાર માનવા લાગ્યા. રાજઅમલદારો રતનબાઈને કોર્ટમાં ઢસડી ગયા. જયાં ભરી અદાલતમાં મુળદાસજીએ કબુલાત કરી કે, મારા કુકર્મને લીધે રતનબાઈ સગર્ભા બની છે.

મુળદાસજીની આ કબુલાત સાંભળી અમરેલી ગામનું મહાજન ચોંકી ઉઠયું. મુળદાસ મહા પાંખડી હોવાનાં આરોપ થયા. સમગ્ર ગામને કલંક લગાડનાર મુળદાસને ગામમાંથી હાંકી કાઢો એવી માંગણી ઉઠી. આખરે સુબાનાં



મહાત્મા શ્રી મૂળદાસજી



ઝુંપડી પાછળ નદી કાંઠે સૂતેલા કેટલાક ખેડૂતોએ સાંભળી, આ ખેડૂતો પોતાનાં ગામડેથી ગાડામાં અનાજ ભરી અમરેલીની પીઠમાં વેચવા આવ્યા હતા. પણ રાત્રિનાં સમયે ગામનાં ગઢનાં દરવાજા બંધ

## ભાતીગળ સૌરાષ્ટ્ર

હુકમથી મુળદાસને અવળે ગધેડે બેસાડાયા. તેમનાં ગળામાં જોડાનો હાર પહેરાવ્યોને તેમને ગામ બહાર તગેડી મુકાયા. જેને હમણાં સુધી લોકો પુજય માનતા હતા. જેની ધર્મવાણી સાંભળવા લોકો જતા એ જ લોકોએ મુળદાસ પર ફીટકાર વરસાવ્યો. ગામનાં ટીંખળી છોકરાઓએ મુળદાસ પર પથ્થરો વરસાવ્યા. એક માત્ર રતનબાઈ મુળદાસની સાથે હતાં.

મુળદાસ અને રતનબાઈ ગામને પાદરે પહોંચ્યા એટલે નગરજનો પાછા ફર્યા. મુળદાસે પાદરમાં ખળખળ વહેતી ઠેબી નદીનાં કાંઠે એક ઝુંપડી બાંધી નિજાનંદમાં મસ્ત રહેવા લાગ્યા. ખાવાનું મળે તો તેને પ્રભુનો પ્રસાદ સમજી ખાઈ લે. ન મળે તો ઉપવાસ ખેંચી લે. આવી હાલતમાં દિવસો વિતવા લાગ્યાં. એક દિવસ સગર્ભા રતનબાઈએ પુત્રીને જન્મ આપ્યો.

એક દિવસ રાતનાં સમયે મુળદાસજી પ્રભુ ધ્યાનમાં બેઠા હતા. રતનબાઈ ભૂખ્યાં હોવાથી તેમની બાળકી રડતી હતી. બાળકીને રડતી જોઈ રતનબાઈથી ન રહેવાયું. તેઓએ મુળદાસને વિનંતી કરતાં કહયું. ''બાપુ, આ દીકરી ભુખનાં દુઃખે રોવે છે. એ સહન નથી થાતું. આના કરતાં તમે મને કુવે પડી મરી જવા દીધી હોત તો સારૂં થાત. મારે લીધે તમે નાહકનાં બદનામ થયાં.

મુળદાસે રતનબાઈને ધરપત આપતા કહયું : 'બેટા, ભગવાન આપણી કસોટી કરે છે. હૈયે ધીરજ રાખી હરિનામ લે. એ સૌ સારા વાના કરશે.

રતનબાઈએ કહયું : ''બાપુ, મારા વાંકે તમારી જેવા સંત લંપટ અને ધુતારા કહેવાયાએ વાતનું મને દુઃખ છે.''

ઝુંપડીમાં મુળદાસ અને રતનબાઈ વાતો કરી રહયા હતા એ થઈ જતાં તેઓને ગામનાં પાદરે પડાવ નાખવો પડયો હતો.

મુળદાસ અને રતનબાઈ વચ્ચે ચાલતી વાતો સાંભળી ગામડાનાં ખેડૂતોને ભાન થઈ આવ્યું. દિવસ ઉગ્યા એટલે આ ખેડૂતોએ ઝુંપડીમાં જઈ મુળદાસજીને વંદન કર્યા. રતનબાઈનું કલંક મુળદાસે કેમ પોતાનાં માથે ઓઢી લીધું એ જાણવા માગ્યું. રતનબાઈએ બધી જ વાતનો ખુલાસો કર્યો. ખુલાસો સાંભળી ખેડૂતોના મસ્તક મુળદાસજીના ચરણોમાં નમી ગયાં.

ખેડૂતોએ ગામમાં જઈ મહાજન સમક્ષ બધી વાત કહી. ખેડૂતોની વાત સાંભળી મહાજન પણ સ્તબ્ધ બની ગયું. બીજી બાજુ જે યુવાનનું કલંક મુળદાસજીએ પોતાનાં માથે ઓઢી લીધું હતું તે યુવાન પણ ભારે મનોમંથન પછી મહાજનને મળી સાચી વાત કહી, પોતાનો ગુનો કબુલી લીધો.

મહાજનને પોતાની ભુલ સમજાઈ, સાચી વાત જાણ્યા વિના એક સંતનો દિલને દુભાવ્યું. તેનો બધાને ખુબ પસ્તાવો થયો. પસ્તાવાનાં પ્રાયશ્ચિતરૂપે ગ્રામજનો એ મુળદાસજી પાસે જઈ તેમની ક્ષમા માગી. તેમને અમરેલીમાં પધારવા વિનંતી કરી. પુરાં માનપાન સાથે લોકો મુળદાસજીને સામૈયું કાઢી ગામમાં લઈ આવ્યાં. મુળદાસજીના આગમનથી આશ્રમ ફરી હર્યાભર્યો થઈ ઉઠયો.

પરંતુ મુળદાસજીએ પોતાનું કર્તવ્ય પુર્ણ થયાનું માની દેહત્યાગ કવરાનો નિશ્ચય કર્યો. ચૈત્ર સુદ આઠમનાં દિવસે સમાધિમાં બેસી તેઓએ પોતાનાં દેહનો ત્યાગ કર્યો. મુળદાસજીનાં દેહને જે સ્થળે સમાધિ આપવામાં આવી હતી. ત્યાં આજે એક મંદિર ઉભું છે.

# ઉપદેશ સહસ્ત્રશતી

બાળકોને ઉપદેશ નામની
આપતિમાંથી
બચાવવા એ હવે આ પૃથ્વી પર
આપણને
મળી આવેલું નવું પુણ્ય કાર્ય છે.
શાળામાં અને
ઘરમાં એમ બન્ને તરફથી
ઉપદેશનો બાળમાનસ
પર ઘોધ પડે છે. સૌથી વધુ
તકલીફની વાત
એ છે કે આ ઉપદેશ આપનારા
એના માતા
પિતા અને શિક્ષકો, બધા જ પોતે
જે બોલે છે.
તેનું વ્યકિતગત જીવનમાં પાલન
કરતા નથી.
એવી અઢળક બાબતો છે જેનું
આપણે
વ્યકિતગત જીવનમાં ઉલ્લંઘન
કરીએ છીએ
અને બાળક પાસે એનું પાલન
કરાવવાની ઈચ્છા
રાખીએ છીએ. શાળેય શિક્ષણ પુરૂં
કરતા
પહેલા તો બાળકનાં કાન પર
અનેક પ્રકારનાં

## શિશુવંદના

– ગિજુભાઇ ભરાડ

ઉપદેશોનો રીતસર વરસાદ વરસે
છે. બાળકને
જેમ કહેવામાં આવે છે. એમ તે
કરતું નથી
પરંતુ તે વડીલોને જેવું વર્તન કરતા
જુએ છે
એનો એના પર અતિશય પ્રભાવ
પડે છે. દરેક
માતા–પિતા પોતે ભુલ કરવાનું
ચાલુ રાખે અને
પોતાનું બાળક એ પ્રકારની ભૂલો ન
કરે એમ
ઈચ્છે તો એ કદી શકય બનવાનું
નથી. વર્તન
વાતું કરતું હોય એને જ સાંભળવા
બાળકનાં
કાન ટેવાયેલા છે.

# હસવાની મનાઇ છે :જોકસ


(૧) ચમન અને છગન બસ સ્ટેન્ડ પાસે ઉભા હતા.
ચમન : મારે ૫૦ નંબરની બસમાં જવું છે.
છગન : મારે ૬૦ નંબરની બસમાં જવું છે.
એટલામાં ૧૧૦ નંબરની બસ આવી.
ચમન : આવ, આપણા બંનેની બસ આવી ગઈ.
**– વિષ્ણુ જોશી, ધો. ૩ રાજકોટ**

(૨) એક મોટી સભામાં વકતા ભાષણ આપી રહ્યાં હતાં.
તેમના ભાષણથી એક શ્રોતાએ એક ચિટ્ઠી વકતાને મોકલી
વકતાએ તરત કહ્યું, ''મુરબ્બીઓ ! મારી પાસે એક ચિટ્ઠી આવી છે, જેમાં લખનારે માત્ર પોતાનું નામ જ લખ્યું છે. વિગત લખવાનું તેઓ ચૂકી ગયા છે !''
**– ઈશા કે. કનપરા, ધો. ૪, પાટણ**

(૩) ચિતા : મનિષ, હજી સુધી તેં મારા પ્રશ્નોનાં જવાબ કેમ નથી આપ્યા ?
મનિષ : પપ્પા, કેવી રીતે આપુ ? અમારી શિક્ષકે કાલે જ શિખવ્યું છે કે તમારાથી મોટેરાઓને
સામે જવાબ આપવા તે સારું ન કહેવાય.
**– જયશ્રી જે. કોટેચા, ધો. ૭, અમદાવાદ**

(૪) સ્ટેજ ઉપર નાટક ભજવાઈ રહ્યું હતું નાટકનો નાયક(હીરો) આ પ્રમાણેનાં સંવાદ બોલી રહ્યો હતો. 'હું એક જાનવરનાં બદલામાં મારુ સમગ્ર રાજય સોંપી દેવા તૈયાર છું !
ફકત એક જ જાનવર ! ત્યાં બાલ્કનીમાંથી
કોઈ ચિબાવલો છોકરો બોલ્યો, ''ગધેડો ચાલશે....?''
''હા આવી જાઓ નીચે ! ચાલશે !'' નાયકે જવાબ આપ્યો.
**– ઉત્તમ કે. મહેતા, ધો. ૬, બરોડા**

# સૌ બાળમિત્રોને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા



બાળમિત્રો,

બાલ એકસપ્રેસ તમારા હાથમાં આવશે ત્યારે ૨૦૨૩નું વર્ષ જવાની તૈયારીમાં હશે. તે સોમવાર તા. ૧/૧/૨૪થી ઈ.સ.નું નવું વર્ષ શરૂ થશે. બાળમિત્રોને આવનાર નવું વર્ષ આનંદદાયક નિવડે એવી શુભેચ્છા.

આમ તો બાળમિત્રો વર્ષ બદલાય એની કોઈ અસર આપણાં પર પડતી નથી. પણ દેશ–દુનિયામાં પડતી હોય છે. તમેં વર્તમાનપત્રો બે દિવસનાં જોશો., ટી.વી.માં, ફિલ્મોમાં વર્ષનાં અંતિમ દિવસે ધમાલ બોલતી હોય છે. ૨૦૨૩નાં વર્ષની મહત્વની ઘટનાઓ સચિત્ર બતાવવામાં આવે છે. મને કે તમને એ વાતો કે ઘટના સ્પર્શતી નથી ! પણ ઐતિહાસિક રીતે ખૂબ અગત્યની ઘટનાઓ હોય છે. આવી પૂર્તિઓનો જો સંગ્રહ કરવામાં આવે તો ભવિષ્યમાં તમને કે તમારી નવી પેઢીને જરૂર કામ લાગશે. ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્યભાસ્કર આ ખ્યાતનામ છાપાઓમાં પૂર્તિ જોવા મળશે. તમે પણ અન્ય મિત્રોને માહિતી આપી શકશો.

જે વિદ્યાર્થીઓને અભ્યાસમાં ખૂબ આગળ વધવું છે, મોટા માણસ બનવું છે, કલેકટર, રાજકારણી, બનવું છે તેમને માટે આવી પૂર્તિઓનો સંગ્રહ કામ લાગે છે. ડીસેમ્બરની છેલ્લી તા. ૩૧/૧૨/૨૩ની પૂર્તિ તો સાચવવા જેવી જ હશે.

# ભારતના અણુશોધ અને રાષ્ટ્રને અણુયુગ તરફ દોરી જનારા અણુસંશોધનના પિતામહ હોમી ભાભા

**તાતા ઈન્સ્ટિટ્યૂટ આફ ફન્ડામેન્ટલ રીસર્ચ'ની સ્થાપના**

સર દોરાબજી તાતા ટ્રસ્ટે હોમી ભાભાના પત્રમાં લખેલા બયાનને વાંચીને પ્રસ્તાવનો તરત જ સ્વીકાર કરી લીધો. ૧૯૪૫માં મુંબઈના એક બંગલામાં તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રીસર્ચ સંસ્થાની સ્થાપના થઈ. આ પાછું એ જ વર્ષ હતું જેમાં આપણે આગળ શરૂઆતમાં જોયું તેમ અમેરિકાએ જાપાન પર અણુહુમલો કરીને જાપાનનાં બે શહેરોનો નાશ કર્યો હતો. આ ભીષણ હુમલામાં લાખો લોકો જીવતા બળી ગયા હતા. અણુક્ષેત્રે કામકરતા વૈજ્ઞાનિકોને કાપો તો લોહી ના નીકળે તેવી સ્થિતિ થઈ. જગત અણુવિજ્ઞાનને થૂ થૂ કરવા લાગ્યું. વિશ્વમાં અણુવિરોધની ચળવળ ઊભી થઈ જે શાંતિની ગુલબાંગો પોકારતી હતી. કાળા કામ કરનારૂં અમેરિકા ડાહી ડાહી વાતો પર ઊતરી આવ્યું હતું તેનું કારણ બીજો કોઈ દેશ અણુસંશોધન ના કરે તેવો હતો.

ભાભાએ આવી આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિમાં ભારતમાં અણુસંશોધનનો પાયો નાખ્યો. હોમી ભાભાએ અણુવિજ્ઞાનનો શાંતિમય ઉપયોગ કરવાની વાત પર ભાર મૂકયો. ભાભાનું આ વિચારવું દેશ માટે કેટલું દૂરંદેશી છે તેની આપણને આજે ખબર પડે છે.)

**અણુશકિત પંચના અધ્યક્ષ ભાભા**




૧૫મી આગસ્ટ, ૧૯૪૭ના રોજ દેશ આઝાદ થયો એના ૧૦મા દિવસે ૨૭મી આગસ્ટના રોજ ભારત સરકારે દિલ્હીમાં વૈજ્ઞાનિકોની બેઠક બોલાવી હતી. જેમાં અણુસંશોધન વિષય પર ચર્ચા કરવામાં આવી. ભાભાએ અણુવિજ્ઞાનનો વિકાસ અને ઉપયોગ રાષ્ટ્રને માટે ખૂબ જ અગત્યનો છે; એ માટેની નવી નીતિ ઘડી કાઢીને અન્ય દેશો પાસે છે એવું અણુસંશોધન કેન્દ્ર ઊભું કરવાની વાત પર ભાર મૂકયો. ભાભાના વિચારો મનમાં વસી જતાં સરકાર તરફથી તેમને અણુશકિત સંશોધન મંડળના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. આના થોડાક સમય પછી તો ભારત સરકાર દ્વારા પરમાણુશકિતને લગતું અલગખાતું પણ ઊભું કરવામાં આવ્યું હતું. તેના સચિવ ડો. હોમી ભાભા હતા. આથી પણ આગળ વધીને ૧૯૪૮માં ભારત સરકારે અણુશકિત પંચની સ્થાપના કરી. હવે અણુશકિત પંચના અધ્યક્ષ શોધવાના હતા. અણુશકિત પંચની સ્થાપના થતી હોય ને એ જ સમયે પરદેશથી અણુવિજ્ઞાન શીખીને આવેલો વૈજ્ઞાનિક ભારતમાં જ હોય એ તો નસીબની બલિહારી જ કહેવાય. છેવટે અણુશકિત પંચની ધુરા પણ હોમી ભાભાને જ સંભાળવાની આવી. અણુશકિતનો વિકાસ અને તેનો શાંતિમય ઉપયોગ એ ભારતનો મુખ્ય હેતુ હોવાનું ભાભાએ જાહેર કર્યું. ભાભાએ અણુના સુરક્ષિત અને વ્યવહારૂ ઉપયોગ માટે પોતાની આવડતને કામે લગાડવાની શરૂઆત કરી દીધી. ભાભાના નેતૃત્વમાં એક પછી એક નક્કર યોજનાઓ આકાર લેવા માંડી. ભાભાની ઈચ્છા તો વીજળીની તાણમાં જીવીને અંધારા ઊલેચવા મથતાં દેશનાં ગામડાંઓ અણુથી ચાલતા દીવાઓથી ઝળહળી ઊઠે તેવી હતી. પરંતુ સૌ પ્રથમ તો અણુસંશોધન કેન્દ્રો બનાવવા પર ભાર મૂકવાની જરૂરિયાત હતી. ૧૯૫૪માં દેશના અણુ સંશોધનને વધુ આધુનિક અને સવલતભર્યું બનાવવા માટે મુંબઈમાં ટ્રોમ્બે ખાતે અણુસંશોધન કેન્દ્ર ઊભું કરવામાં આવ્યું. આ સંશોધન કેન્દ્રના સંચાલનની જવાબદારી ભાભાને માથે આવી જેને તેમણે બરાબર નિભાવી. અણુવિજ્ઞાન માટે તાતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ અને ટ્રોમ્બનું અણુસંશોધન કેન્દ્ર આ બંનેના જનક તરીકે ભાભાને યાદ કરવામાં આવે છે. **(ક્રમશઃ)**

# વિચાર શકિતનું તત્વજ્ઞાન

# વિચાર શકિત

(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

### ૩.વિચારશકિત અને વ્યાવહારિક આદર્શ

આથી તમે બંધા વિરોધી તત્વોને કાબૂમાં રાખી શકશો. સખત પ્રયાસ કરો અને બિનજરૂરી માનસિક ધમાલને છોડી દો.

તમારી આસપાસની દુનિયા જેવી તમે કરવા માર્ગો તેવી જ બને છે. તમારૂં દ્રષ્ટિબિંદુ તમારા સંકલ્પોનાં રંગથી રંગાયેલું હોય છે. તમારા મનમાં જે પ્રકારની શ્રદ્ધા પુરેપુરી દ્રઢ થઈ ગઈ હોય તે અનુસાર જ વસ્તુઓને જુએ છે અને જોવાનું ચાલુ રાખે છે. આમ, પક્ષપાતી વિચારોના લોખંડી બખ્તરને ભેદી તેની આરપાર જઈ દરેક વસ્તુમાં રહેલી દિવ્યતા જોવાનો પ્રયાસ કરો.

સ્વર્ગ કે નરકમાં, તમારા સુખ કે દુ:ખની સ્થિતિ માટે તમારા સંકલ્પો જ જવાબદાર છે. વહેલા કે મોડા, આ જીવનમાં કે બીજા જીવનમાં તમારા બંધા સંકલ્પો સિદ્ધ થવાનાં જ. માટે હંમેશા વિવેકપુર્ણ રીતે સારા સંકલ્પો જ સેવો.

તમારી અત્યારની સ્થિતિ તમારા પોતાનાં સંકલ્પો દ્વારા ઈચ્છેલી છે. તમારા પોતાનાં જ સંકલપોથી હવે તે સ્થિતિને બદલાવી શકો છો. જો તમે તમારી જાતને પરબ્રહ્મથી અલગ માનતા હો તો તમે અલગ છો. તમે પોતાને બ્રહ્મરૂપ માનતા હો તો તમે બ્રહ્મ જ છો. તમે તમારા વિચારોથી જ તમારી જાતને મર્યાદિત બનાવો છો.

દરેક દિવ્ય સંકલ્પ દ્વારા મન આ દ્રશ્ય ક્ષણિક સૃષ્ટિનાં આવરણને ભેદી અનંતને સ્પર્શ કરવા શકિતમાન થાય છે. પણ દરેક પોતાનાં મનરૂપી કારખાના પ્રત્યે તદ્દન બેદરકાર હોય છે.

તમારૂ ભાગ્ય તમારા સંકલ્પોથી જ નિમાર્ણ થાય છે. જેટલી શકિત તમારી અંદર ધારો છો તેટલી જ તમને પ્રાપ્ત થાય છે. જેવા તમે સંકલ્પ કર્યા હોય છે તેવી જ તમારી આજુબાજુની સૃષ્ટિ બની હોય છે.

તમે શકિત અને આનંદના અગાધ મહાસાગરમાં રહો છો, પણ તેમાંથી તમે તમારી શ્રદ્ધા, કલ્પના અને સંકલ્પ અનુસાર જ ગ્રહણ કરી શકો છો. તમારા મનનાં વલણ અનુસાર તમે અમુક વિચારો સેવો છો, અને મનને છુટો દોર આપો છો. ।પણ વિવેક દ્વારા તમે મનનાં કલ્પનાશીલ તરંગને સહેલાઈથી કાબૂમાં રાખી શકો છો.

તમારા સંકલ્પોની મર્યાદા એ જ તમારી શકયતાઓની મર્યાદા છે.તમારા સંજોગો અને પરિસ્થિતિએ તમારા સંકલ્પોનું જ ધનીભૂત સ્વરૂપ છે. તમારા પોતાનાં જ વિચારો પ્રમાણે સૃષ્ટિનો અનુભવ સારો કે નરસો થયા કરે છે. જે જે સંકલ્પો તમે સેવો છો તે તે દરેક છેવટે સિધ્ધ થવાનાં જ.

જે જે બાબતમાં શુદ્ધ મનવાળો માણસ તીવ્ર ઈચ્છા કરે છે, તે જલદી ફળીભૂત થાય છે. જેટલી સંકલ્પની તીવ્રતા તેટલી ઝડપથી તેની સિધ્ધ થવાની. જયારે વિચારોનું વારંવાર પુનરાવર્તન થાય છે. ત્યારે તેનો એ રૂપ ધારણ કરે છે. એક જ સંકલ્પનું ચિંતન, સેવન કે કલ્પનાા તે સંકલ્પની સિધ્ધિ તરફ ખુબ આગળ દોરી જાય છે.

મનને શુદ્ધ કરો અને ત્યારબાદ તમે જે જે વસ્તુઓ અને લોક પ્રાપ્ત કરવાની ભાવનાં કરશો તે દરેક સફળ થશે.

આ સત્ય હકકીત છે કે જે જે વિચારોનું તમે સેવન કરો છો તે વિચારની આખા મનુષ્ય શરીર કે તેના અમુક ભાગ પર ખાસ અસર થાય છે. સતત ચિંતન દ્વારા સ્થૂળ શરીરને સુક્ષ્મ તરીકે અનુભવાય છે.। અને તેથી ઉલટું, સૂક્ષ્મ શરીર વારંવાર કલ્પના કરવાથી સ્થૂળ તરીકે અનુભવાય છે।. સતત પ્રયાસ એ જ સફળતાનું રહસ્ય છે.

માટે દ્રઢ નિશ્ચય કેળવો, તમારા સંકલ્પની સિદ્ધિ માટે આ અગત્યનો મુદો છે. તમારા દ્રઢ નિશ્વયની સામે કોઈ પણ શકિત ટકી શકે નહિ. તમે સર્વ કોઈ વસ્તુને સિધ્ધ કરી શકશો.

તમારૂં શરીર એ પણ તમારાઅ સંકલ્પનું મુર્ત સ્વરૂપ છે. જયારે તમારા સંકલ્પો બદલાશે ત્યારે તમારૂં શરીર પણ બદલાશે. પોતાનાં જ સંકલ્પરૂપી દ્રવ્યમાંથી મન શરીરને સર્જે છે. સંકલ્પ એ એવું બળ છે કે જે તમારા શરીરની અંદરની પ્રત્યેક વસ્તુને બદલાવી શકે તેમાં ફેરફાર કરી શકે.

પાંચ ભૌતિક શરીરની અંદરની અવ્યવસ્થા કે ગરબડ શારીરિક રોગ કહેવાય અને મનની અંદરનો વિકાર એ માનસિક રોગ તરીકે ઓળખાય છે. બંનેનું છેવટનું મુળ અજ્ઞાનમાં છે અને તે માત્ર સત્ય વસ્તુના ભાન દ્વારા નિવારી શકાય. જયારે તમે સંસારનાં અનુભવોથી ચિંતામગ્ર બનો છો, ત્યારે તમારા મનમાં ગ્લાનિ ઉદભવે છે. આ ગ્લાનિને લીધે અંદરનાં સુક્ષ્મ પ્રાણોનો સરળ પ્રવાહ બાધિત થાય છે. જયારે આ પ્રવાહમાં અડચણ આવે છે. ત્યારે નાડીઓ અવ્યવસ્થિત બને છે. તેમાંની કેટલીકને વધારે પ્રાણ મળે છે. અને કેટલીકને ઓછો મળે છે. આમ, આખું તંત્ર અવ્યવસ્થિત બને છે. આવી રીતે માનસિક અવ્યવસ્થા એ શારીરિક કારણ બને છે, જે તેનું મુળ કારણ દુર કર્યા વિના દુર કરી શકાય નહિ.

દરેક નિરાશાજનક અને વિક્ષેપ કરનાર વિચાર જે તમારા મગજમાં પ્રવેશ કરે છે. તેની તમારા શરીરનાં પ્રત્યેક કોષ પર ખરાબ અસર થાય છે. જેથી રોગ ઉત્પન્ન થાય છે. દરેક નિષેધાત્મક વિચાર રોગનો પુર્વગામી અને મૃત્યુનાં દુતરૂપ છે.

જો તમારે બુદ્ધિપુર્વક, લાંબુ અને તંદુરસ્ત જીવન જીવવું હોય તો હંમેશા સદવિચાર સેવો, આમ, તમારા શરીરને ખીલવવામાં અને પુનર્જીવન આપવામાં સંકલ્પોની સુક્ષ્મ અને પ્રબળ અસર થાય છે. માટે હંમેશા સાવધ રહો.

વસ્તુત : બધા રોગ અને દુ:ખનું મુળ વિકૃત માનસિક સ્થિતિ અને વાસનાઓમાં રહેલું છે. એટલા માટે જ માનસિક સુમેળ ખાસ આવશ્યક છે. ઉમદા કૃત્યો દ્વારા તમારા સંકલ્પોને શુદ્ધ કરો અને હંમેશા સંત પુરૂષોનો સમાગમ સેવો. જયારે તમારા સંકલ્પો શુદ્ધ કરશે.

પ્રત્યેક શુદ્ધ વિચાર હૃદયને ઉતેજીત કરે છે, પાચનતંત્રને સુધારે છે અને શરીરની અંદરની ગ્રંથિનાં કાર્યને ઝડપી બનાવે છે.

સંતોષ એ મનની સંવાદિતા માટેનું જ બીજુ નામ છે. જયારે તમારા વિચારો એક કે બીજા પદાર્થ પર ભટકયા કરે નહિ અને જયારે તમને આત્મસંતોષ થાય, ત્યારે તમને અવર્ણનીય આનંદ થશે. જયારે ।તમે અંતરમાં સુખી હો ત્યારે તમને દરેક વસ્તુ સારી અને સુખદાયક લાગશે.

સંકલ્પો એ જ તમારા આનંદનું મુખ્ય કારણ છે. તમારા સંકલ્પોને શુદ્ધ કરો અને તમારા બધાં દુ:ખો દુર થશે.

જો તમે શાંતિનાં વિચારો સેવશો તો આખી દુનિયા તમને શાંત ને શીતળ લાગશે, પણ જો આથી ઉલટા વિચારોને મનમાં સ્થાન આપશો તો સંસાર સળગતી ભઠ્ઠી જેવો લાગશે.

કોઈપણ સંજોગો તમને ખરાબ વિચારો સેવવા માટે ફરજ પાડતા નથી. તમારા કાલ્પનિક પ્રારબ્ધથી તમારો નાશ કરો નહિ. તેને પોતાનું ખરેખરૂ અસ્તિત્વ નથી.સંકલ્પ એ સત્ય વસ્તુનું ભાન કરાવવાને શકિતમાન છે.

સાચા યોગ્ય સંકલ્પોથી પ્રેરાઈન ડાહ્યો માણસ ઘણી ભયજનક પરિસ્થિતિમાંથી પણ બહાર નીકળ વાને સમર્થ બને છે. અખંડ સત્ય સર્વત્ર પોતાની પુરેપુરી શકિતથી વ્યાપક છે, માટે કોઈપણ સ્થળે જે જે વસ્તુનું ગાઢ ચિંતન કરવામાં આવ્યું હોય તે તે વસ્તુનો તે જ સ્થળે સાક્ષાત્કાર થાય છે.

સર્વ વસ્તુઓનું મુળ તત્વ વિચાર છે. ભૌતિકતા એ મુખ્ય વસ્તુ નથી. જેમ બરફને ગરમી આપતાં તેનું પાણી થાય છે. તેમ સત્ય દ્રષ્ટિ અને શુભ સંકલ્પો દ્વારા મન સુક્ષ્મ ને શુદ્ધ બને છે.


સંકલ્પ એ જ ખરૂ કાર્ય છે. તે ખરેખર મનોગત છે, શારિરિક નહિ. મનની અંદર ઈચ્છાશકિતનું સ્પંદન એ જ ખરૂ કાર્ય છે. અને શારિરિક કાર્ય એ તો માનસિક કાર્યનું માત્ર બાહ્યસ્વરૂપ છે. તમારી શારીરિક ક્રિયાઓ એ તો તમારી વિવિધ માનસિક ક્રિયાઓનું બાહ્ય નિર્દેશક છે.

(ક્રમશ:)

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૨૯૧. પરમાત્માને હંમેશા પુણ્ય અર્પણ કરજો.

૨૯૨. ઠાકોરજીને ઉત્તમમાં ઉત્તમ વસ્તુ અર્પણ કરવી જોઈએ.

૨૯૩. મનુષ્ય પાપ કરે તો તે ચાર પગવાળો બને છે, પશુ બને છે.

૨૯૪. ભગવાન જેની ઉપર કૃપા કરે છે તેનું મન શુદ્ધ થાય છે.

૨૯૫. સ્ત્રીઓએ સાંજ પડે ત્યારે ઘર બહાર ભટકવા જવું ન જોઈએ.

૨૯૬. સંધ્યા સ.મયે તુલસીની પૂજા કરો, તુલસીકયારે દીવો કરો. ભગવાનની આગળ ધૂપદીપ કરો.

૨૯૭. સાયંકાળે લક્ષ્મીનારાયણ ઘેર આવે છે. તે વખતે ઘર બંધ હશે તો લક્ષ્મીજી પણ જયશ્રી કૃષ્ણ કરીને ચાલ્યાં જશે.

૨૯૮. સાયંકાળે પ્રભુના નામનો જપ કરો.

૨૯૯. શરીર લાડ બહુ નહી કરશો.

૩૦૦. પતિ–પત્ની સંયમ ન રાખે તો તેને ત્યાં પાપી પ્રજા ઉત્પન્ન થાય છે. પવિત્ર દિવસો જેવા કે દરેક પક્ષની બીજ, પાંચમ, આઠમ, એકાદશી, ચૌદશ, પૂર્ણિમા અને અમાવાસ્યા તેમ જ પર્વનાં દિવસોએ(જન્મતિથિ, વ્યતિપાતાદિ) બ્રહ્મચર્ય અવશ્ય પાળો.

# જ્ઞાનમંજરી

(૬૬) ભારતમાં ઉનાળાનો સમયગાળો કેટલો છે ? માર્ચ થી મે

(૬૭) ભારતમાં ચોમાસાનો સમયગાળો કેટલો છે. ?

– જુન થી નવેમ્બર

(૬૮) ભારતમાં શિયાળાનો સમયગાળો કેટલો છે ?

– ડિસેમ્બરથી ફેબ્રુઆરી

(૬૯) સિંધુ નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– કૈલાસ શિખરનાં માન સરોવર પાસેથી

(૭૦) ગંગા નદીનું ઉદભવસ્થાન કર્યુ છે. ?

– ગંગોત્રી

(૭૧) બ્રહ્મપુત્ર નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– કોન્ગુત્શો

(૭૨) નર્મદા નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– વિંધ્યાચળનાં અમરકંટક

(૭૩) તાપી નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– ગાવિલગઢની ટેકરીઓ પાસેથી

(૭૪) ગોદાવરી નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– ત્ર્યંબકનાં ડુંગરમાંથી

(૭૫) યમુના નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– યમુનોત્રી

(૭૬) સતલજ નદીનું ઉદભવસ્થાન કર્યુ છે ?

– રાકસ સરોવર (તિબેટ)

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## તો નક્કિ કરશું ?

અગાઉના જમાનામાં ઘોડાનાં મોઢા પર તોબરો ચડાવી, બાંધી રાખતા, આજે કોઈ કોઈ વ્યકિત આવો અદશ્ય તોબરો ચડાવી, સૌથી અલગ ચાલતા – જીવતા રહે છે, તે કોઈને બોલાવે નહિ, તેથી કોઈ તેને હડકાવે નહિ. કેસ્ટર ઓઈલનો ઓવરડોઝ લીધા જેવું ભારેખમ ડાચું કરી જગતમાં વિષાદનાં વિષાણું ફેલાવતા રહે છે. સામે પક્ષ, સદાબહાર, હસમુખા, તરોતાજાં, સ્મિતવંતા, ઉમંગ–ઉત્સાહ–ઉલ્લાસથી છલકતા માણસો સૌની સાથે હળતા – ભળતા, મોજમસ્તીમાં જીવતા રહે છે, જીવન – પથ પર આનંદની ઉજાણી કરતા રહે છે.

રસ્તા બે છે, બેય સસ્તા છે, નકિક આપણે કરવાનું !

## ગીત

હાડ ગાળી નાખતી પડે છે ઠંડી રે !
ચાલો બાળકો પહેરી લો ઉનનું સ્વેટર–ટોપી બંડી રે
શિયાળો છે ઠંડો–ઠંડો ફૂંકાતી હવાની ઠંડી ગમત રે !
શિયાળો છે રમતનો રમતાં રહેજો ક્રિકેટનીરમત
શિયાળો છે મોજથી ખાવ જીંજરા ચણીબોર શેરડી રે !
ભઈલા રે ! હાડ ગાળી નાંખતી પડે છે ઠંડી રે
ચાલો બાળકો પહેરી લો ઉનની સ્વેટર–ટોપી–બંડી રે !
શિયાળાનો હૂંફાળો કૂણો મીઠો કૂણો તડકો રે,
સૂર્ય સ્નાનની મજા છે ઉછળો પ્રેમથી મલો રે,
મમ્મી પીવડાવે હોંશે–હોંશે ગાજર–ટમેટાં બીટનો જયુસ રે
મમ્મી ખવડાવે ચમચો ભરી–ભરીને ચ્યવનપ્રાસ રે,
ભઈલા રે ! થઈ જાવ તરો તાજા ફ્રેશ રે !
ચાલો બાળકો પહેરી લો ઉનનું સ્વેટર–ટોપી બંડી રે.

– ભૂપેન્દ્ર શેઠ 'નિલમ'

# મહાન વૈજ્ઞાનિક

## આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલ




ક્રમશ:

## ''એક ગીત''


બર્થ ડેની કેક
બે
ચોકલેટ દે
ત્રણ
ઝટપટ ગણ
ચાર
હોંશિયાર ખબરદાર
પાંચ
સાચું સાચું વાંચ
છ
છ છત્રીનો છ
સાત
મેઘધનુષનાં રંગો સાત
આઠ
કરજો પૂજા પાઠ
નૌ
નાની નાની વહુ
દશ
ખડખડ ખડખડ હસ

– મધુકાંત જોષી

# આ મારું ચિત્ર છે




દાફડા જાનવી
(ધોરણ–૬–અ–રૂપાયત સ્કૂલ અમરેલી)




ટુડિયા હેમાંશી કમલેશભાઈ
(ધોરણ–૮–શ્રી પાણિયા પ્રાથમિક શાળા, તા.જિ. અમરેલી.)




તુલસી જનકભાઈ કનાળા
(ધોરણ–૭–શ્રી પાણિયા પ્રાથમિક શાળા)



વસુનિયા નયના મિયાનસિકભાઈ
(ધોરણ–૭–શ્રી સણોસરા પ્રાથમિક શાળા)

# સા.કુંડલા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) દ્વારા નિદાન કેમ્પ યોજાયો



લાયન્સ કલબ ઈન્ટરનેશનલનાં મહત્વનાં સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) અને શ્રી સદ્ગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ–સાવરકુંડલાનાં ઉપક્રમે તેમજ સુદર્શન નેત્રાલય અને રમાબેન અનિલભાઈ પારેખ મુંબઈનાં આર્થિક સહયોગથી ૧૦૯મો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ કબીર ટેકરી સાવરકુંડલા મુકામે તા. ૨૮/૧૨/૨૩ને ગુરૂવારે સવારે ૯ કલાકે આયોજન કરવામાં આવેલ હતું. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટય શ્રી સદ્ગુરૂ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ સાવરકુંડલાનાં મહંતશ્રી નારાયણ સાહેબ દ્વારા કરવામાં આવેલ અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી)ને શુભેચ્છાઓ પાઠવી હતી અને વધુમાં વધુ દર્દીઓને લાભ લેવા અપીલ કરી હતી. આ કેમ્પમાં આંખનાં રોગ જેવા કે મોતિયો, ઝામર,અ વેલ, પરવાળા, ત્રાંસી, આંખની કીકી, પડદા તથા આંખના તમામ રોગોની તપાસ આંખનાં નિષ્ણાંત ડોકટર દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાનાં ટાંકા વગરનાં ઓપરેશન કરી નેત્રમણી બેસાડી દેવામાં આવનાર છે. આ ઉપરાંત નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૧૭૫ દર્દીઓએ લાભ લીધો હતો અને ૫૪ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ છે. દરેક દર્દીઓનાં બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતાં. જરૂરિયાતમંદ વ્યકિતઓની આંખના નજીક તથા દુરનાં નંબરની તપાસ કરવામાં આવેલ તેમજ કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપેલ હતાં. હવેથી લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી), તેમજ સુદર્શન નેત્રાલયનાં સહયોગથી નિયમિત રીફતે દર મહિનાનાં ચોથા ગુરૂવારે કબીર ટેકરી સાવરકુંડલામાં નેત્રમણી નિદાન અને સારવાર કેમ્પનું આયોજન થનાર છે. આ કેમ્પને સફળ બનાવવા માટે લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી) તરફથી સેક્રેટરી લાયન ઋજુલભાઈ ગોંડલીયા, લાયન સાહસભાઈ ઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. પિત્રોડા, કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, હિંમતભાઈ કાછડીયા અને તેમની ટીમ તેમજ વિશાલભાઈ વ્યાસ, જીતેનભાઈ હેલૈયા, પટેલ બેટરીવાળા વિઠ્ઠલભાઈ પટેલ વગેરે દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી. તેમ પ્રમુખ લાયન કિશોર શિરોયાની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું
## લોકસભા ચૂંટણીનાં કાર્યાલય શરૂ

હતું કે, આ બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલજી તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજીએ લોકસભા ચૂંટણી સંદર્ભેના મહત્વના કાર્યક્રમો અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન આપ્યું. બુથને વધુમાં વધુ કેવી રીતે મજબૂત કરી શકાય તેમજ ચૂંટણીમાં વોટ શેર કેવી રીતે વધારવું તે અંગે પણ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રાષ્ટ્રીય મહામંત્રી અરૂણસિંહજી પાર્ટીને ચૂંટણીમાં કેવી રીતે સારૂ પ્રર્દર્શન કરી શકાય તે અંગે માર્ગદર્શન આપ્યું તેમજ પ્રદેશ સગંઠન મહામંત્રી રત્નાકરજીએ પણ સંગઠનલક્ષી માહિતી આપી આવનાર કાર્યક્રમોની માહિતીનું માર્ગદર્શન આપ્યું હતું.

યમલભાઈ વ્યાસે વધુમાં જણાવ્યું કે, બેઠકમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે રાજય સરકાર જનહિત માટેના કલ્યાણકારી કામનો માહિતી આપી હતી. રાજય સરકાર ગરીબ, છેવાડાના માનવીને પણ સરકારી યોજનાનો લાભ કેવી રીતે આપી રહી છે તે અંગે પણ માહિતી રજૂ કરી હતી. હાલ વિકસીત ભારત સંકલ્પ યાત્રા ચાલી રહી છે જેનો ખૂબ સારો પ્રતિસાદ મળી રહ્યો છે જેથી સરકાર અને સંગઠન સાથે મળી જનતાને કેવી રીતે સરકારી યોજનાનો લાભ અપાવી શકાય તે અંગે પણ માહિતગાર કર્યા હતા.

પ્રદેશ મીડિયા કન્વીનર ડો. યજ્ઞેશભાઈ દવેએ આગામી કાર્યક્રમો અંગેની માહિતી આપતા જણાવ્યું કે, આવનારા સમયમાં દરેક જિલ્લા અને મહાનગરોમાં લોકસભાની ચૂંટણી સંદર્ભે બેઠકોનું આયોજન કરવામાં આવશે તેમજ આજરોજ રજૂ કરેલ પ્રસ્તાવને આગામી ચાર દિવસમાં જિલ્લા અને મહાનગર કક્ષાએ અને ત્યાર બાદ ૫ કે ૬ જાન્યુઆરી સુધીમાં મંડળ કક્ષાએ અનુમોદન કરવામાં આવશે. લોકસભા ચૂંટણીની તૈયારીને ધ્પ્રયાને રાખી આવતીકાલે વિવિધ મોરચાની સંયુકત બેઠક કાર્યાલય ખાતે યોજાશે અને ત્યાર પછી જિલ્લામાં અને મંડળ કક્ષાએ પણ મોરચાની બેઠકોનું આયોજન કરવામાં આવશે. લોકસભા પ્રચાર પ્રસારની ટીમ તૈયાર કરવામાં આવશે જે કેન્દ્રની સુચના પ્રમાણે રાજયમાં પણ પ્રચાર પ્રસારનું કામ કરશે. આવનાર ૧૫ તારીખ થી ૩૦ તારીખ સુધી લોકસભા ક્ષેત્રની અંદર લોકસભા ચૂંટણી કાર્યાલય શરૂ કરવામાં આવશે ત્યાર પછી ફેબ્રુઆરી મહિનામાં લોકસભા ક્ષેત્રના વિધાનસભાના કાર્યાલયો પણ શરૂ કરવામાં આવશે. આવનાર સમયમાં અનુસુચિત જાતિના સત્રસંવાદ, અનુસૂચિત જનજાતિના જનસંપર્ક સંમેલન, ઘર ઘર સંપર્ક અને ઓબીસી સમાજના સંમેલન, કિશાન ગ્રામ પરિક્રમા અને ૨૬મી જાન્યુઆરીના રોજ યુવા મોરચા દ્વારા તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવશે. સરકારી યોજનાનો લાભ ઘરે ઘરે પહોંચાડવા માટેના પ્રયત્નો મંડળ સ્તર સુધી કરશે. લોકસભા ચૂંટણીની સંચાલન સમિતિની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં પ્રદેશના સહ પ્રવકતાઓ ડો. રૂત્વીજભાઈ પટેલ, હિતુભાઈ કનોડિયા, જયરાજસિંહ પરમાર, પ્રદેશ મીડિયા સહ કન્વીનર ઝુબિનભાઈ આશરા ઉપસ્થિત રહ્યા હતા.

### સમગ્ર જિલ્લાનું ગૌરવ વધારતી ઘટના
# અમરેલીની ગજેરા શાળાનાં વિદ્યાર્થીએ રાજયકક્ષાની 'કુરાશ ગેમ'માં ગોલ્ડ મેડલ મેળવ્યો
### શાળાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરાએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૨૯

શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા પ્રાથમિક શાળા, અમરેલીનાં વિદ્યાર્થી લીંબાણી વાસુ અંડર–૧૪ અને ૫૫ કિ.ગ્રા. વજનમાં રાજયકક્ષાએ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી શાળા અને અમરેલી જિલ્લાને ગૌરવ અપાયું છે. આ શાળાનાં વિદ્યાર્થીઓ અનેક રમતોમાં રાજય અને રાષ્ટ્રીય કક્ષાએ મેડલ પ્રાપ્ત કરી ઝળહળતી સફળતા મેળવે છે. 'SGFI STATE KURASH CHAMPIONSHIP' નું આયોજન ભાવનગર મુકામે થયું હતું. ૫૫ કિ.ગ્રા. વર્ગમાં લીંબાણી વાસુએ કુરાશ ગેમમાં ગોલ્ડ મેડલ મેળવ્યો હતો.

આ કુરાશ ગેમની વિશેષતા એ છે કે લગભગ લોકો કે કોઈ સંસ્થાઓએ આ ગેમનું નામ પણ સાંભળ્યું નહી હોય, આવી એશીયન ગેમ અમરેલીની આપણી સંસ્થામાં રમાડાય છે. આ ગેમમાં સ્ટેટ લેવલે "ગોલ્ડ મેડલ"ની સિધ્ધિ પ્રાપ્ત કરાવી છે. જે સંસ્થા અને સમગ્ર અમરેલી જિલ્લા માટે ગૌરવવંતી ઘટના છે.

રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરવા જઈ રહેલા આ વિદ્યાર્થીને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, ચતુરભાઈ ખુંટ, ટ્રસ્ટીઓ તેમજ ડાયરેકટર વસંતભાઈ પેથાણી, આચાર્યઓ તથા કોચ દ્વારા ખુબ ખુબ અભિનંદન સહ શુભેચ્છા પાઠવવામાં આવેલ છે. આ સંસ્થામાં અનેક નવી નવી રમત–ગમતમાં વિદ્યાર્થીઓ મેડલ પ્રાપ્ત કરે તેની ધનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે. કોચ તથા વિદ્યાર્થીની મહેનત અને પ્રમુખના પ્રોત્સાહન અને માર્ગદર્શનના કારણે અનેરી સિધ્ધિઓ પ્રાપ્ત કરી શાળા તથા જિલ્લાનું નામા રોશન કરે છે. ખેલાડી ઉતરોતર પ્રગતિ કરે તે માટે પ્રમુખ વસંતભાઈ ગજેરાએ હૃદયપુર્વક શુભકામનાં પાઠવલે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## મહિલાનું માર્ગ અકસ્માતમાં મોત

તા. ૨૮/૧૨ નાં પટેલ સમાજની વાડીએ વાસણ સાફ કરવાની મજૂરી કામે ગયેલ હોય. જે ઘરે પરત આવતા રોડ ઉપર એક મોટર સાયકલ નં. જી.જે.–૧૪ એમ ૮૨૧૧નાં ચાલક બાબરા તાલુકાના ફુલઝર ગામે રહેતા લાલજીભાઈ ગોવિંદભાઈ લુણાગરીયાએ પોતાના હવાલાવાળું મોટર સાયકલ પુરઝડપે અને બેફીકરાઈથી માનવ જીંદગી જોખમાઈ તે રીતે ચલાવી ઈન્દુબેન સાથે ભટકાવી માથાા ભાગે ગંભીર ઈજા તથા શરીરે નાની–મોટી ઈજાઓ કરી સારવાર દરમ્યાન ઈન્દુબેનનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરા પંથકમાં સાદી માટીની

રાત્રી દરમ્યાન બિનઅધિકૃત ખનન અને વહનની પ્રવૃતિને ડામવા સઘન ચેકીંગની કામગીરી કરતા તા. ૨૯/૧૨/૨૦૨૩ ના રોજ બાબરા ખાતેથી સાદી માટી ખનિજની ચોરી બદલ ૧ લોડર અને ૨ ટ્રેકટર બિનઅધિકૃત ખનન અને વહન સબબ સીઝ કરી બાબરા પોલીસ સ્ટેશન કમ્પાઉન્ડ ખોત અટક કરવામાં આવેલ. આમ, ખાણ ખનીજ વિભાગ અમરેલી દ્વારા આશરે ૩૦ લાખનો મુદામાલ જપ્ત કરી ખનીજ ચોરી કરનાર ઈસમો સામે નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

### તાલુકા કોંગી પ્રમુખ મનિષ ભંડેરીનો આક્ષેપ
# ભાજપનાં ૧૦ વર્ષનાં શાસનમાં દેશમાં મોંઘવારી, બેરોજગારી વધી
### વિકસિત ભારત સંકલ્પ યાત્રાથી કોઈ ફાયદો નથી

અમરેલી, તા. ૨૯

કેન્દ્રમાંથી જયારથી ભાજપનું શાસન આવ્યું અને નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા ત્યારથી ભારત દેશની જનતાની હાલત કફોડી બની ગઈ છે. ભાજપનાં રાજમાં સમગ્ર દેશમાં દિન પ્રતિદિન મોંઘવારીએ માઝા મુકી છે. અને આ વધતી જતી મોંઘવારીને લીધે ગરીબ તચથા મધ્યમ વર્ગને ઘરનું ગુજરાન ચલાવવું મુશ્કેલ બની ગયુ છે. આજે સમગ્ર ભારત દેશમાં ભ્રષ્ટાચાર ફુલો ફાલ્યો છે. અને ભ્રષ્ટાચારીઓ જેલમાં જવાનાં બદલે ભાજપ પક્ષમાં જઈ રહયા છે. ભારત દેશમાં શિક્ષિત બેરોજગાર યુવાનોને સરકારી નોકરી પણ મળતી નથી. પરિણામે બેરોજગારીનો દર વધ્યો છે. ભાજપનાં રાજમાં ખેડૂતોની હાલત અત્યંત દયનીય બની ગઈ છે. આજે ખેડૂતોની આવક ડબલ થવાનાં બદલે ખેડૂતોનાં ખર્ચા ડબલ થઈ ગયા છે. પરિણામે દેશનો દેવાનાં બોજ તળે ડૂબી રહયો છે. સમગ્ર ભારત દેશમાં મહિલાઓ પર અત્યાચાર, બળાત્કાર, શોષણ વધી રહયા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ભારત દેશને કઈ દિશામાં વિકસિત કરવાનો સંકલ્પ લઈને યાત્રા સમગ્ર ભારત દેશમાં કાઢી રહયા છે. શું નરેન્દ્ર મોદી ભારત દેશને ભ્રષ્ટાચાર, બેરોજગારી, મોંઘવારી, ભુખમરામાં નંબર –૧ બનાવવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા કાઢી



રહયા છે ? કેન્દ્ર સરકારની કઈ એવી યોજનાઓ છે કે જેથી ભારત દેશની જનતાનું ભલું થયું. હોય ? નરેન્દ્ર મોદી સંકલ્પ યાત્રા કાઢી રહયા છે ? કેન્દ્ર સરકારની કઈ એવી યોજનાઓ છે કે જેથી ભારત દેશની જનતાનું ભલું થયું હોય ? નરેન્દ્ર મોદી સરકારની તમામ યોજનાઓ આ દેશની જનતા માટે નિષ્ફળ સાબિત થઈ છે. જેમ કે ખેડૂતો માટે મોટા ઉપાડે કાઢેલી પ્રધાનમંત્રી વીમા ફસલ યોજના આજે સંપુર્ણપણે બંધ થઈ ગયેલ છે. જે અંતર્ગત ભારત દેશનાં ખેડૂતોને વીમો પણ મળતો નથી. તથા ગરીબ પરિવારો માટે પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા લોકોને પાકું ઘર પણ મળતું નથી. પીવાનાં પાણી માટે નલ સે જલ યોજના દ્વારા લોકોને પીવા માટો પાણી પણ પુરૂ પાડી શકયા નથી. નરેન્દ્ર મોદી સરકારની તમામ યોજનાઓ નિષ્ફળ ગઈ હોવા છતાં પણ પોતાની નિષ્ફળતાને છુપાવવા માટે વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા ભારત દેશની જનતાને ગેરમાર્ગે દોરવાનું નરેન્દ્ર મોદી કરી રહયા છે. તેમ કોંગ્રેસ નેતા મનીષ ભંડેરીએ જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું
## ચલાલામાં કોઈ અજાણ્યા શખ્સે

ખાત્રી આપી હતી.

ગાડીનાં માલીકે જણાવ્યા મુજબ અગાઉ પણ ગાડીનાં કાચ કોઈ શખ્સોએ ફોડી નાખેલ હતો. ત્યારે પોલીસને જાણ કરેલ નથી. હમણા થોડા વખતથી ચલાલામાં ચોરીનાં બનાવો બની રહ્યાં છે. હમણા ન.પા.ની હદમાં આવેલ પાણી પુરવઠા વિભાગ દરવાજા બંધ જગ્યાએથી એક વેપારી વ્યકિતની લાલ કલરની ટ્રાવેલ્સમાંથી ચાલુ બેટરીની કોઈ શખ્સ ચોરી કરી લઈ ગયો હતો તેમજ દાનેવ પ્લોટ વિસ્તારનાં ચાલુ રહેણાંક વિસ્તાર ધોળા દિવસે ઘરવખરીની ચોરી થવા પામેલ છે. હમણા ચોરીનાં બનાવો અને અસામાજિક પ્રવૃત્તિ બનતી હોય તો ચલાલા શહેરીજનોએ હોમગાર્ડ અને પોલીસને રાત્રીનાં ડયુટી આપવા લોકમાંગણી થયેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૧૩૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૨૫૫ | ૧૩૩૫ |
| ૩ | અડદ | ૧૫૩૦ | ૧૮૦૦ |
| ૪ | ઘઉં | ૪૬૪ | ૫૩૬ |
| ૫ | ચણા | ૯૫૫ | ૯૮૫ |
| ૬ | સોયાબીન | ૮૫૬ | ૮૭૪ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૬૫ | ૧૩૦૫ |
| ૨ | શિંગ મોટી | ૧૧૦૦ | ૧૪૮૧ |
| ૩ | તલ સફેદ | ૧૯૧૯ | ૩૨૬૦ |
| ૪ | તલ કાળા | ૨૯૯૦ | ૩૨૬૦ |
| ૫ | તલ કાશ્મીરી | ૨૮૮૦ | ૪૧૮૦ |
| ૬ | બાજરો | ૪૬૦ | ૫૦૫ |
| ૭ | જુવાર | ૭૦૨ | ૧૧૫૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૪ | ૬૨૧ |
| ૯ | ઘઉં લોકવન | ૪૯૩ | ૫૮૦ |
| ૧૦ | મગ | ૧૨૦૦ | ૧૮૬૧ |
| ૧૧ | અડદ | ૧૬૨૦ | ૧૮૫૫ |
| ૧૨ | ચણા | ૯૪૦ | ૧૧૧૦ |
| ૧૩ | તુવેર | ૧૨૭૫ | ૧૯૭૨ |
| ૧૪ | કપાસ | ૧૦૧૪ | ૧૪૫૯ |
| ૧૫ | એરંડા | ૭૧૫ | ૧૧૧૫ |
| ૧૬ | ધાણા | ૮૦૦ | ૧૪૩૦ |
| ૧૭ | અજમ | ૧૦૦૦ | ૨૫૧૦ |
| ૧૮ | સોયાબીન | ૮૫૦ | ૯૨૫ |
| ૧૯ | મરચા લાંબા | ૧૦૦૦ | ૩૨૧૦ |

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૬૦ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૬૦૦ | ૯૭૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૩૨૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૫૧ | ૧૪૨૧ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૨૦૦ |
| ૪ | તલ કાળા | ૨૮૦૦ | ૩૩૧૦ |
| ૫ | તલ પીળા | ૩૭૦૦ | ૪૦૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૪૭૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૦ | ૫૮૪ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૬૧૮ |
| ૯ | બાજરો | ૪૨૧ | ૫૧૧ |
| ૧૦ | જુવાર | ૭૫૦ | ૧૦૬૯ |
| ૧૧ | મકાઈ | ૫૬૧ | – |
| ૧૨ | મગ | ૧૫૦૦ | ૧૮૧૫ |
| ૧૩ | અડદ | ૧૬૮૦ | – |
| ૧૪ | ચણા | ૮૫૫ | ૧૦૭૫ |
| ૧૫ | સોયાબીન | ૮૫૦ | ૯૦૪ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૫ | ૧૪૩૧ |
| ૨ | મગફળી | ૧૧૧૧ | ૧૩૧૧ |
| ૩ | તલ કાળા | ૨૭૫૦ | ૨૭૫૦ |
| ૪ | તલ સફેદ | ૩૧૨૬ | ૩૧૨૬ |
| ૫ | ઘઉં | ૪૭૦ | ૫૩૭ |
| ૬ | મકાઈ | ૩૦૦ | ૩૦૦ |
| ૭ | સોયાબીન | ૮૫૦ | ૮૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૫૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૯૦૦ | ૧૦૯૫ |
| ૩ | તુવેર | ૧૩૦૦ | ૧૬૩૫ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૮૫૬ |
| ૫ | તલ સફેદ | ૨૮૨૬ | ૩૦૨૫ |
| ૬ | મગફળી | ૧૦૧૭ | ૧૩૪૮ |
| ૭ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૬૨ | ૫૩૬ |
| ૯ | જીરૂ | ૪૬૨૫ | ૪૬૨૫ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૪૫ | ૧૪૪૫ |
| ૧૧ | એરંડા | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૨ | ઘઉં ટુકડા | ૪૯૯ | ૫૬૭ |
| ૧૩ | ધાણા | ૧૨૦૦ | ૧૩૬૫ |
| ૧૪ | લસણ | ૧૭૦૦ | ૨૩૫૦ |
| ૧૫ | ચણા સફેદ | ૧૩૩૦ | ૧૩૩૦ |
| ૧૬ | બાજરો | ૪૭૫ | ૪૭૮ |


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૫ | ૧૪૬૨ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૨૮૫ |
| ૩ | ઘઉં | ૫૪૦ | ૫૪૫ |
| ૪ | ચણા | ૯૫૦ | ૯૫૦ |
| ૫ | ધાણા | ૧૩૧૦ | ૧૩૧૦ |
| ૬ | મેથી | ૧૦૮૦ | ૧૨૦૦ |
| ૭ | સોયાબીન | ૮૪૬ | ૮૪૬ |
| ૮ | તુવેર | ૧૩૯૬ | ૧૯૦૦ |
| ૯ | અડદ | ૧૭૩૦ | ૧૭૩૦ |
| ૧૦ | જુવાર | ૭૦૫ | ૭૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૭૦૧ | ૧૪૨૦ |
| ૨ | તલ સફેદ | ૨૮૫૦ | ૩૩૦૦ |
| ૩ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૪ | કપાસ | ૧૦૫૦ | ૧૪૫૧ |
| ૫ | બાજરો | ૪૨૫ | ૫૧૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૬૩૨ |
| ૭ | જુવાર | ૭૦૧ | ૧૦૪૧ |
| ૮ | મગ | ૧૯૨૪ | ૨૪૦૦ |
| ૯ | અડદ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૦ | ચણા | ૮૮૨ | ૧૨૦૧ |
| ૧૧ | તલ પીળા | ૪૦૮૩ | ૪૧૧૧ |
| ૧૨ | રાય | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૮૫૧ | ૮૭૧ |

# અમરેલી ખાતે બાલમુકુંદ એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગરમ કપડાનું વિતરણ



અમરેલી શ્રી બાલમુકુન્દ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃતિ કરવામાં આવે છે. જેમાં આ ટ્રસ્ટ અંતર્ગત ખાસ કરીને ગરીબ લોકો અને બહેરા મુંગા લોકોને પ્રોત્સાહીત કરવામાં આવે છે અને વિશેષ કે પર્યાવરણની જાળવણી પણ કરવામાં આવે છે અને જરૂરિયાત ગરીબ મંદ લોકોને શિયાળાનાં સમય દરમિયાન ઠંડીથી બચવા માટે અમરેલીમાં ગરમ કપડાં અને ગરમ કોટનું વિતરણ કરવામાં આવેલું છે. ટ્રસ્ટની સેવાકીય કામગીરી પિન્ટુ ધાનાણી અને દયા ધાનાણી, કુશ ધાનાણી, લવ ધાનાણી દ્વારા કરવામાં આવી રહી છે.

### છેલ્લા સવા મહિનાથી હજારો દર્શકોએ લીધો લાભ

## અમરેલીનાં ગર્લ્સ હાઈસ્કુલનાં પટાંગણનાં જાદુગર વૈતાલ અને જાદુગર તેજાનાં શોનાં છેલ્લા ૨ દિવસ

### જાદુનાં અવનવા શો નિહાળવાની તક ઝડપી લો




અમરેલી, તા.૨૯

દિવસે – દિવસે લુપ્ત થતી જાદુ કલાને ઉજાગર કરતા બે જાદુગરો અમરેલીમાં ઘણા સમયથી જાદુઈનગરીનાં રોમાંચક પ્રયોગો બતાવી રહયાં હોય સારી એવી મેદની (ધુમગર્દી) વચ્ચે ગત શો માં અમરેલી – આજુબાજુનાં ગામોમાંથી સારો એવો પ્રતિસાદ મળી રહેલ છે. તો હવે આ જાદુનાં ખેલનો પ્રોગ્રામ છેલ્લા બે દિવસ એટલે કે આવતીકાલ તા.૩૦ અને તા.૩૧ એમ બે જ દિવસનો પડાવ અમરેલીમાં હોય તો હેરતઅંગેજ જાદુનાં ખેલ જોવાનું ચુકાય ન જાય તેવી લાગણી અગાઉ આ જાદુના ખેલ જોવા વાળા લોકો દ્વારા જાણવા મળેલ તો હવે અમરેલીનાં ગર્લ્સ સ્કુલનાં મેદાનમાં જાદુગર વૈતાલ અને જાદુગર તેજા જે સમીર પટેલ દ્વારા પ્રસ્તુત છે તેવું મેજીક ઓફ ઈન્ડિયા જાદુઈ નગરીને અનેક સંસ્થાઓ તેમજ સ્કુલોનો ચેરેટી શો પણ આ લોકો દ્વારા વ્યાજબી દરે ગોઠવી આપીને ઘણાં પ્રયોગો જાદુના બતાવી રહયા હોય તે અચુક જોવા લાયક છે.

## ઉના : એસ.ટી. બસ ડેપો મેનેજરની ઓફિસની બારીના બહારના ભાગે જોવા મળી વિદેશી દારૂની ખાલી બોટલો

ઉના, તા. ૨૯

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કહેવા પૂરતી રહી હોય તેમ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં દેશી વિદેશી દારૂની રેલમછેલ થતી હોવાની બૂમો વારંવાર ઉઠી રહી છે. ગીર સોમનાથ જિલ્લા પોલીસ તંત્ર બુટલેગરો સામે સખત કાર્યવાહી કરી રહી છે.

ત્યારે ઉના એસટી ડેપો મેનેજરની ઓફિસની બારીના બહારના ભાગે કમ્પાઉન્ડમાં વિદેશી દારૂની ખાલી બોટલો જોવા મળતા ભારે ચકચાર મચી હતી. ઉનાના એસટી બસ સ્ટેશનના કમ્પાઉન્ડમાં દારૂની મહેફિલ જામતી હોવાની અને આ મહેફિલોમાં કોણ કોણ સામેલ છે તે અંગે પોલીસ તપાસ કરે તેવી માંગ ઉઠવા પામી છે અને દારૂની મહેફિલો કરનારાઓને



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના.

પોલીસનો કોઈ ડર જ ન હોય તેમ ડેપો મેનેજરની ઓફિસની બારીના બહારના ભાગે વિદેશી દારૂની ખાલી બોટલો જોવા મળતા લોકો પણ ચોકી ઉઠયા હતા. ત્યારે ઉના એસટી વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ દારૂની મહેફિલો માણે છે કે પછી અસામાજિક તત્વો રાત્રિના સુમારે સરકારી કચેરી કમ્પાઉન્ડમાં પોલીસની નજરથી બચવા દારૂની મહેફિલ જમાવે છે તે અંગેની ચર્ચા એ જોર પકડયું છે.

### જિલ્લાનાં સર્વાધિક લોકપ્રિય દૈનિક

## ''અમરેલી એક્સપ્રેસ''ને ૧૫માં મંગલ પ્રવેશ નિમિત્તે શુભેચ્છા પાઠવતું અભિયાન સેવા ટ્રસ્ટ

### રફીક ચૌહાણ અને અજીમ લાખાણીએ શુભેચ્છા પાઠવી



અમરેલી, તા. ૨૯

''અમરેલી એકસપ્રેસ'' દૈનિકનાં ૧૫માં વર્ષમાં પ્રવેશ નિમિત્તે અભિયાન સેવા ટ્રસ્ટનાં પ્રમુખ રફિક ચૌહાણ અને સેક્રેટરી અજીમ લાખાણીએ તંત્રી મનોજ રૂપારેલને શુભેચ્છા પાઠવી હતી.

અમરેલી એકસપ્રેસ દૈનિક અખબાર છેલ્લા ૧૫ વર્ષથી અવિરત લોકોની મદદ માટે લોક ઉપયોગી સમાચાર પ્રસિદ્ધ કરે છે અને તે પણ નીડરતાથી નિષ્પક્ષ માત્ર ને માત્ર અમરેલી જિલ્લાની જનતાની સમસ્યાને વાચા આપે છે. જેના અમો તાજના સાક્ષી છીએ. આપ અને આપનું અને અમરેલી જિલ્લાનું માનીતુ અમરેલી એકસપ્રેસ વધુમાં વધુ પ્રગતિ કરે તેવી શુભકામના પાઠવી છે.


''અમરેલી એકસપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


### ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી) બાબતે જાહેર નોટીસ

આથી જાહેરાત આપવામાં આવે છે કે અમો પ્રમુખ/મંત્રીશ્રી શ્રી અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી મંડળી લી. તા., જી.અમરેલી, ની હાલનું કાર્યક્ષેત્ર અમરેલી શહેર તથા તાલુકાના તમામ ગામો પુરતું હોય પરંતુ સહકારી પ્રવૃતીનો વ્યાપ વધારવા અને સભાસદોની માંગણી તથા વર્તમાન સમય મુજબ અમારી મંડળીનું કાર્યક્ષેત્ર અમરેલી જીલ્લાના તમામ શહેર તથા તમામ તાલુકા અને તમામ ગામો પુરતું વધારવા માંગતા હોય જેથી પેટાનિયમમાં કાર્યક્ષેત્રના સુધારા બાબતે શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ અમરેલીને દરખાસ્ત કરવામાં આવનાર હોય જેથી આ માટે આથી સુધારવા ધારેલ જીલ્લામાં આવાજ પ્રકારની તમામ શરાફી મંડળીઓ તથા જીલ્લાની તમામ નાગરીક બેંકોના "ના વાંધા પ્રમાણપત્ર" (એન.ઓ.સી.) મેળવવાના થતા હોય, જેથી આ મંડળીના પેટાનિયમના કાર્ય વિસ્તારના સુધારા સામે જો કોઈ વાંધા/સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન–૧૦ માં અમોને નીચેના સરનામે અથવા તો શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીના સરનામે ઉકત કચેરીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા ઉકત સમયમર્યાદા માં કોઈપણ વાંધા/સુચનો ન રજુ થાય તો આપને કસુ કહેવાનું નથી તેમ માંની આપનું ''ના વાંધા પ્રમાણપત્ર'' (એન.ઓ.સી.) મળી ગયા સમાન માની નોંધણીની દરખાસ્ત રજુ કરવામાં આવશે જેની સર્વોયે નોંધ લેવી.

સ્થળ:– અમરેલી
તા. ૨૬/૧૨/૨૦૨૩

**સેક્રેટરી**
**શ્રી અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી**
**અમરેલી**

વાંધા સ્વિકારવાનું સ્થળ :–

(૧) શ્રી પ્રમુખ/મંત્રીશ્રી,
શ્રી અમરેલી ખેડૂત ઉત્પાદક અને રૂપાંતર સહકારી અમરેલી
ઠે.નારણ પ્લાઝા, ભીડભંજન મંદિર ચોક, અમરેલી–તા,જી.અમરેલી,

અથવા

(૨) શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ,
બહુમાળી ભવન, બ્લોક–સી, ત્રીજો માળ અમરેલી,

### સૌથી વધુ ૧૯ વર્ષનું આયુષ્ય ભોગવનારની યાદમાં

## લીલીયાનાં ક્રાંકચ ગામે સાવજોનું સામ્રાજય ઉભુ કરનાર રાજમાતા સિંહણની પ્રતિમાનું અનાવરણ થયું

### પ્રતિમાનાં દર્શન ૨ કિ.મી. દુરથી થઈ રહયા છે




અમરેલી, તા.૨૯

ગીર જંગલ બહાર રેવેન્યુ વિસ્તારમાં નીકળી અને શેત્રુજી નદીના કાંઠે અઢી દાયકા પહેલા પોતાનુ સામ્રાજય સ્થાપનાર રાજમાતા સિંહણે ક્રાંકચ પંથકને વિશ્વભરના નકશામા ગૌવવંતુ સ્થાન અપાવ્યું હોય,ગામ લોકોએ આ રાજમાતાની સ્મૃતિમા ક્રાંકચ ગામની સીમમા રાજમાતા સિંહણ પ્રતિમાનુ સ્થાપન કરવામાં આવેલ છે.

લીલીયા નજીક આવેલ ક્રાંકચ વિસ્તારોમાંથી આ સાવજ કુળ વિસ્તરીને અન્ય વિસ્તારોમાં પણ સ્થાયી થયુ છે. રાજમાતાએ સૌથી લાંબુ આયુષ્ય ભોગવ્યું હતુ અને ક્રાંકચને દુનિયાભરના નકશામા સ્થાન અપાવ્યું હોય,ગામના લોકોએ ભેગા મળી તેમની સ્મૃતિમાં આ રાજમાતા સિંહણની પ્રતિમા સ્થાપિત કરી છે. રાજમાતા અને તેના પરિવારના સાવજોની રક્ષા માટે આ લીલીયા નજીક આવેલ ક્રાંકચ વિસ્તારના લોકોએ પણ મોટો ભોગ પણ આપ્યો હતો. અને હવે રાજમાતા સિંહણની સ્મૃતિ કાયમ જળવાઈ રહે તેવુ કામ ગામ લોકોએ કર્યુ છે.રાજમાતાના નામે ૩ વિશ્વ વિક્રમ પણ સ્થપાયા છે.જેમાં સૌથી વધુ ૧૯ વર્ષનુ આયુષ્ય ભોગવવાના વિશ્વ વિક્રમ તેમના નામે છે. આ ઉપરાંત જંગલ વિસ્તાર રેવેન્યુ વિસ્તારમાં વિહરતી આ સિંહણ દ્વારા સૌથી વધુ બચ્ચાને જન્મ આપવાનો વિશ્વ વિક્રમ પણ તેના નામે છે. તેણે પોતાના જીવનકાળ દરમિયાન ૭ વખત બચ્ચાને જન્મ આપ્યો હતો. આ ઉપરાંત આ રાજમાતા સિંહણે સૌથી મોટી ઉંમરે ૧૮ વર્ષે માતા બનવાનો પણ વિશ્વ વિક્રમ બનાવ્યો હતો.આ ઉપરાંત લીલીયા નજીક આવેલ ક્રાંકચ તથા શેત્રુજી નદી નજીકના વિસ્તારોમાં ૫૩ સાવજો વસ્યા તે પણ રાજમાતાની દેન ગણાય છે. ત્યારે સિંહપ્રેમીઓ દ્વારા જયારે આ સિંહણનું બેસણું રાખવામાં આવેલ ત્યારે સ્મારક બનાવવાનો વિચાર પણ વર્ષ ૨૦૨૦ માં આવેલ હતો. આ સ્મારક બનાવવામાં સ્થાનિક પર્યાવરણ પ્રેમી મહેન્દ્રભાઈ ખુમાણ, મનોજભાઈ જોશી, ડો. જલપાન રૂપાપરા, ડો.પૂર્વેશ કાચા, ભરતભાઈ ખાચર સહિતના સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓ તથા ક્રાંકચ ગામના લોકોએ અગત્યની ભૂમિકા ભજવી હતી. લીલીયા તાલુકાના વન્યપ્રાણી ઉત્સાહી રાજન જોશીએ જણાવ્યું હતું કે ' આ પ્રતિમાએ સુપ્રસિદ્ધ સિંહણને યોગ્ય શ્રદ્ધાંજલિ છે. 'તેના ગળાની આસપાસના કોલરને કારણે તેણી સરળતાથી ઓળખી શકાતી હતી. તેણીએ ત્યાં પોતાનો પ્રદેશ સ્થાપિત કર્યો હતો અને ક્રાંકચમાં સિંહોનું સામ્રાજય સ્થાપીને સફળતાપૂર્વક ઘણા બચ્ચા ઉછેર્યા હતા અને તેથી તે રાજમાતા તરીકે ઓળખાતી હતી.બવાડી ડુંગરએ વિસ્તારની સૌથી ઊંચી ટેકરીઓમાંની એક છે, આ ડુંગર રાજમાતાના મનપસંદ વિશ્વામ સ્થાનોમાંનું એક હતું. 'આ સ્મારક બે કિમી દૂરથી દેખાય છે અને ક્રાંકચ – બાવડી એપ્રોચ રોડની નજીક છે.

## વડેરા : જનતા વિદ્યાલયમાં રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી

અમરેલી, તા. ૨૯

કન્ઝયુમર્સ કલબ–જનતા વિદ્યાલય–વડેરા દ્વારા રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિનની ઉજવણી કરવામાં આવેલ. સૌપ્રથમ અમરેલી જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળનાં મહામંત્રી દિલશાદભાઈ શેખનું સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ તેઓએ પોતાનાં વકતવ્યમાં ગ્રાહક જાગૃતિ અંગેનાં પોતાનાં વિચારો સરળ રીતે ઉદાહરણ સાથે રજૂ કરેલ હતાં.

શાળાનાં કન્ઝયુમર્સ કલબનાં કન્વીનર પંકજભાઈ દેવમુરારી બાપુએ ' 'પાકું બિલ'' લેવાના કાયદાઓ, ગ્રાહક જાગૃતિ અંગે તેમજ હોલમાર્ક, એગમાર્ક, આઈએસઆઈ જેવા માર્કાઓ વિશે સમજૂતી આપેલ. ત્યારબાદ રેલી કાઢવામાં આવેલ. વિદ્યાર્થીની બહેનો તેમજ ભાઈઓ દ્વારા પણ પોતાના વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આભારવિધિ જે.પી. પડાયા દ્વારા કરવામાં આવેલ. કાર્યક્રમને સફળ બનાવવા દેવમુરારી બાપુ, ધર્મેશભાઈ પંડયા, એન.બી. મહેતાએ જહેમત ઉઠાવેલ. સફળ કાર્યક્રમનાં આયોજન બદલ શાળાનાં આચાર્ય મુકુંદભાઈ મહેતાએ દરેકને અભિનંદન પાઠવેલ.

# મોટા ભમોદ્રા ગામે ૨૫.૫૦ લાખનાં વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરતાં ધારાસભ્ય કસવાલા



સાવરકુંડલા / લીલીયા વિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલા ચુંટાયા બાદ સરકારમાંથી માતબાર રકમો સાથે અનેકો વિકાસના કામો લાવી રહ્યા છે અને તેનુ પરીણામ સાવરકુંડલા–લીલીયાની જનતા જોઈ રહી છે ત્યારે ઘાંડલા ગામ બાદ મોટાભમોદ્રા ગામે પણ વિકાસના કામોનું ખાતમુહુર્ત કરવા પહોંચ્યા હતા. જેમાં મોટાભમોદ્રા સરપંચ અને ગ્રામ પંચાયત સદસ્યો તથા આગેવાનો અને ગ્રામજનોની હાજરીમાં રૂા. ૧૬ લાખના ખર્ચે ગટરલાઈન તથા રૂા.૬ લાખના ખર્ચે બે કોઝવે અને રૂા.૩.૫૦ લાખના ખર્ચે પેવીંગ રોડનું ખાતમુહુર્ત કર્યુ હતુ અને સાથે ધારાસભ્ય કસવાલાએ જણાવ્યું હતુ કે આ કામોથી ગ્રામજનોની અભિવૃધ્ધીમાં વધારો થશે અને આવનારા સમયમાં પણ હજુ ઘટતી ગ્રાન્ટો સરકારમાંથી લાવવા માટે વિશ્વાસ વ્યકત કર્યો હતો. આ સમગ્ર આયોજનમાં તાલુકા ભાજપ પ્રમુખ જીવનલાલ વેકરીયા, તાલુકા પંચાયત પ્રમુખજીતુભાઈ કાછડીયા, ઉપપ્રમુખ પરશોત્તમભાઈ ઉમટ, તાલુકા ભાજપ ઉપપ્રમુખ દીલુભાઈ ખુમાણ, મહેશભાઈ જેબલીયા, તાલુકા કિસાન મોર્ચાના પ્રમુખ કિશનભાઈ ખુમાણ, મોટાભમોદ્રા સરપંચ પ્રતિનીધી ભાવેશભાઈ ખુંટ, વંડા સરપંચ વાલભાઈ સાટીયા, માર્કેટ યાર્ડના વાઈસ ચેરમેન મહેશભાઈ લખાણી, મેકડા સરપંચ લાખાભાઈ સાટીયા, ભોળાભાઈ ઢોલરીયા, મધુભાઈ સવાણી, તાલુકા વિકાસ અધીકારી કે.પી.પરમાર, સી.ડી.પી.ઓ દક્ષાબેન સહીતના આગેવાનો, ગ્રામજનો અને વહીવટી તંત્ર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા તેમ ''અટલધારા'' કાર્યાલય ઈન્ચાર્જ જે.પી.હિરપરાની અખબારી યાદીમાં જણાવાયુ હતું.










### કલેકટરની સુચનાથી ખાણ-ખનિજ વિભાગની કામગીરી

# બાબરા પંથકમાં સાદી માટીની ચોરી કરવા બદલ એક લોડર અને ર ટ્રેકટરને ઝડપી લેવાયા

### રૂપિયા ૩૦ લાખનો મુદ્દામાલ જપ્ત થતાં ખનિજ ચોરી કરનારમાં ફફડાટ


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

અમરેલી, તા. ૨૯
અમરેલી કલેકટરની સુચના અને માર્ગદર્શન હેઠળ ભુસ્તરશાસ્ત્રી અને તપાસ ટીમ ખનીજ ચોરી પર અંકુશ લાવવા દિવસ તથા રાત્રી દરમ્યાન બિનઅધિકૃત ખનન અને

### બાઈક બેફિકરાઈથી ચલાવી હડફેટે લેતા

# વડિયાનાં રાંદલનાં દડવા ગામનાં મહિલાનું માર્ગ અકસ્માતમાં મોત

### સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી કરી

અમરેલી, તા. ૨૯
વડિયા તાલુકાનાં દડવા રાંદલનાં ગામે રહેતા ગભરૂભાઈ પથુભાઈ જસાણીના નાના બહેન ઈન્દુબેન ભુપતભાઈ સાથળીયા

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)